# સોરઠ વિશાશ્રીમાળી

SORATH VISASHRIMALI

RNI NO.: 22805/73

Vol. No. : 51 ❖ Issue : 04 ❖ Pages : 36 ❖ Mumbai ❖ May 2023 ❖ Price : Rs.8/-


## મેઘધનુષ સાંસ્કૃતિક પ્રોગ્રામના યાદગાર સંભારણા.....









# સ્મરણાંજલી



# સ્વ. જયાબેન શાંતીલાલ શાહ

**વાત્સલ્યની વીરડી સમા જયા બા ને**
**શાહ પરિવાર તરફથી**

## ભાવભીની શ્રધ્ધાંજલી

**ગીતાબેન તથા સ્વ.વસંતભાઈ શાહ**

**મીનાક્ષીબેન બંકિમભાઈ શાહ**

**મીનાબેન દિલીપભાઈ શાહ**

**સ્વાતીબેન કિશોરભાઈ શાહ**

**ભાવના અનિલભાઈ શાહ**

**સ્વ.નીલાબેન કિશોરભાઈ મહેતા**

**સ્વ. સુશીલાબેન સુરેશભાઈ સાવડીયા**

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**
૪, દેવકરણ મેન્શન, બિલ્ડિંગ નં.૭, બીજે માળે,
૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.
ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨
સમય : બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)
Email : svjainsamajmumbai2@gmail.com
data@svjainsamaj.com www.svjainsamaj.com
**તંત્રી : શ્રી રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર - મો.: ૭૦૨૧૨૦૧૨૮૦**



### સમાજની કારોબારી સમિતિ

| | |
|---|---|
| શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા | પ્રમુખ |
| શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા | ત.ભૂ. પ્રમુખ |
| શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા | ઉપપ્રમુખ |
| શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા | માનદ્‌મંત્રી |
| શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી | માનદ્‌મંત્રી |
| શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા | ખજાનચી |
| શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર | મુખપત્ર તંત્રી |
| શ્રી મહેશભાઈ કાંતિલાલ વોરા | સભ્ય |
| શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી | સભ્ય |
| શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશી | સભ્ય |
| શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા | સભ્ય |
| શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા | સભ્ય |
| શ્રી કમલભાઈ કાંતિલાલ દોશી | સભ્ય |
| શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા | સભ્ય |
| શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા | સભ્ય |
| શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા | સભ્ય |
| શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા | કો-ઓપ્ટ |
| શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ વોરા | કો-ઓપ્ટ |



BANK DETAILS :
**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**BANKER :** Bank of Baroda, M. J. Market, Mumbai - 3
S.B. A/c No. 03870100000044
**IFSC :** BARB0BULLIO MICR : 40012047

**Name : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**BANKER :** Union Bank of India
Princess Street, Mumbai - 400002.
S.B. A/c. No. 319102010054364
**IFSC :** UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે
Auditor : Viren Vasa & Associates
Chartered Accountants, Mumbai

લવાજમ દરો ભારતમા આજીવન : રૂા.૨૭૦૦/-
પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 Yearly

મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિંટિંગ પ્રેસ,
૪૦, મહેતા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં.૩,
માલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪.


## મલાડ વેસ્ટના જૈન દેરાસરનો શાનદાર શતાબ્દી મહોત્સવ : યાદગાર પ્રસંગ

**(સૌજન્ય : શ્રી મહેન્દ્રભાઈ પુનાતર)**




જિનાલયના નિર્માણના શીલ્પી દેવકરણ બાપાને સ્મૃતિ વંદના. સોરઠ વિસાશ્રીમાળી જૈન સમાજના ઉદ્ધારક કર્મવીર, દાનવીર શેઠ શ્રી દેવકરણ મૂળજી સંઘવીએ આજથી ૧૦૦ વર્ષ પહેલા મલાડ વેસ્ટમાં સ્ટેશન સામે પોતાની વિશાળ જગ્યામાં જે જિનાલયનું નિર્માણ કર્યું હતું તેનો દશ દિવસનો શતાબ્દી મહોત્સવ તાજેતરમાં ભવ્યાતિભવ્ય, શાનદાર રીતે ખૂબ ધામધૂમથી ઉજવાઈ ગયો. તે પ્રસંગે તેમની યાદને આપણે ફરીથી તાજી કરીએ.

દેવકરણ બાપા શિક્ષણ પ્રેમી અને ધર્મ પ્રેમી હતા. તેમણે મલાડ વેસ્ટ ખાતે તેમજ વંથલી ખાતે ભવ્ય દેરાસરોનું નિર્માણ કર્યું હતું. આ ઉપરાંત જુદા જુદા સ્થળોએ પાઠશાળાઓ અને ધર્મસ્થાનકો ઊભા કર્યા હતા. મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપનામાં તેમણે મહત્વની ભૂમિકા અદા કરી હતી અને મોટું દાન આપ્યું હતું. તેમણે આપણા સમાજ માટે બોર્ડિંગ ઉભી કરી છે તે રાજકોટમાં કાર્યરત છે દેવકરણ બાપાનો જન્મ તદ્દન સામાન્ય કુટુંબમાં થયો હતો. નાનું ગામ રોટલો રળી શકાય એવા આવકના પૂરતા સાધનો નહીં. ગરીબાઈ આવા વાતાવરણમાં ભવિષ્યના ભાગ્યવિધાતા દેવકરણ બાપાનો જન્મ થયો હતો. શિક્ષણનો અભાવ અને નાની ઉંમરમાં કુટુંબની જવાબદારી આવી પડી હતી. કપરા સમયમાં પણ તેઓ હિંમત હાર્યા નહોતા. મુંબઈમાં આવીને એ સમયમાં સખત મહેનત, પુરૂષાર્થ, કોઠાસૂઝ અને અનુભવ જ્ઞાન મેળવીને તેમણે સફળતાના શિખરો સર કર્યા હતા. તેમણે તમામ અવરોધોને સફળતામાં પલટાવી નાખ્યા હતા અને વ્યવસાયમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેમણે ધન પ્રાપ્ત કર્યુ હતુ. અને તેનો સદઉપયોગ કરીને જીવનને સાર્થક બનાવ્યું હતું. તેમના જીવનમાંથી આપણે ઘણું બધું શીખવાનું છે. હિંમત, ધૈર્ય અને ઈરાદો મજબૂત હોય તો ગમે તેવી મુશ્કેલીને પાર કરી શકાય છે. આજથી ૧૦૦ વર્ષ પહેલા આશરે રૂપિયા એક લાખના ખર્ચે તેમણે મલાડ વેસ્ટમાં સ્ટેશન નજીક પોતાના બંગલાની વિશાળ જગ્યામાં કાચની કોતરણીવાળા ભવ્ય દેરાસરનું નિર્માણ કર્યું હતું. અને જગવલ્લભ પાર્શ્વ પ્રભુની પ્રતિમાનું સ્થાપન કર્યું હતું. આ અંગેનો પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. હાલમાં ઉજવાયેલ શતાબ્દી મહોત્સવ પ્રસંગે જુદાં જુદાં સંઘોએ દેવકરણ બાપાની સ્મૃતિને તાજી કરીને તેમના ધનનો દિલથી ઉપયોગ કરીને અનુકરણીય ઉદાહરણ પુરૂં પાડ્યું છે.

દેવકરણ બાપાએ સમાજ, શિક્ષણ, ધર્મ અને જૈન સમુદાય માટે જે સેવા કરી છે તેનો જોટો મળવો મુશ્કેલ છે. સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ આ માટે ગૌરવની લાગણી અનુભવે છે.

## તંત્રી સ્થાનેથી....

**શ્રી રાજેન્દ્રભાઈ ઓતમચંદ પુનાતર**
**મો.: ૭૦૨૧૨૦૧૨૮૦**



### સંબંધો - પહેલાના અને આજના

વર્ષો પહેલાંની વાત છે. મારા પિતાશ્રી અમારા વતન દેવગામનું ઘર કાયમ માટે બંધ કરીને મુંબઈ શિફ્ટ થયા હતા, તે વખતે અમારા ગામના એક ખેડૂત બઘાભાઈ પટેલને હાર્ટમાં તકલીફ ઊભી થઈ. બાજુના શહેરની હોસ્પિટલમાં સારવાર કરાવવા રિપોર્ટ વિગેરે કઢાવ્યા ત્યારે જાણ થઈ કે હાર્ટના વાલમાં કાણું પડી ગયેલ છે અને તેને સર્જરી દ્વારા ઠીક કરવું પડે તેમ છે. તે વખતે તબીબી વિજ્ઞાન આજના જેટલું આગળ વધ્યું નહોતું. નાના શહેરોમાં જટિલ કેસની તબીબી સારવાર શક્ય નહોતી એટલે મોટા શહેરમાં (તે વખતે અમદાવાદ અને મુંબઈમાં આ સર્જરી થતી હતી) જઈને સર્જરી કરાવવી તેવું નક્કી થયું અને પસંદગી મુંબઈ ઉપર ઉતરી. અમરેલીના ડોક્ટરોની ભલામણથી મુંબઈની બોમ્બે હોસ્પિટલમાં સર્જરી કરાવવી તેનું નક્કી થયું. મુંબઈમાં કોઈ સગા સંબંધી તો હતા નહીં, તો ઉતરવું ક્યાં ? બાઘા ભાઈને કોઈએ પૂછ્યું કે મુંબઈમાં સારવાર કરવા જાવ છો પણ ઉતરશો ક્યાં ? તો જવાબ મળ્યો **'આપણા ઓતા બાપાને ત્યાં'** (મારા બાપુજીને ગામના લોકો પ્રેમથી ઓતા બાપા તરીકે ઓળખતા હતા) તે વખતે મુંબઈ સારવાર માટે આવવું છે તેવી મારા પિતાજી સાથે બાઘાભાઈની કોઈ વાત પણ થઈ ન હતી.

હવે વિચાર કરો કે મારા પિતાજી સાથે વાત થયા વગર પણ મુંબઈમાં ઉતરવાનું તો ઓતા બાપાને ત્યાં જ. કેટલા આત્મવિશ્વાસ સાથેનો જવાબ હતો. તેમને ખાતરી હતી કે શેઠને ત્યાં જવામાં કોઈ શરમ સંકોચ નડવાના નથી અને લગભગ પોતાનો હક હોય એટલી સહજતાથી બોલાયેલા આ વાક્યમાં તે વખતના આપણા એકબીજા સાથેના સંબંધોની સુગંધ આવે છે. બાઘાભાઈ મુંબઈમાં અમારા ઘરે ઉતરે છે. મારા પિતાજી તેમને બોમ્બે હોસ્પિટલમાં સારવાર કરવા માટેની શક્ય તેટલી મદદ કરે છે અને તેનું ઓપરેશન સફળતાપૂર્વક પાર પડે છે. ત્યારબાદ સામાન્ય જીવન પસાર કરીને થોડા વર્ષો પહેલાં ૭૦ વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું. આ વાત એટલા માટે કહેવી પડે છે કે, તે વખતે આપણા લાગણીના સંબંધો કેટલા ગાઢ હતા કે આપણાં ગામની કોઈપણ વ્યક્તિ પોતાનો હક્ક સમજીને આપણે ત્યાં કોઈ પણ જાતના સંકોચ વગર આવી શકતા હતા. આ અનુભવ આપણા બધાના જ હશે, કે આંખની ઓળખાણવાળા આપના ગામની કોઈપણ વ્યક્તિ હકથી આપણે ઘેર આવતા, જમતા અને જરૂર પડે રોકાણ પણ કરતા. આપણે પણ યથા યોગ્ય તેમની સરભરા કરતા. તે વખતે આપણા મોટાભાગના લોકો નાની જગ્યાઓમાં વસવાટ કરતા હતા અને આવકના સાધનો પણ ખુબજ મર્યાદિત હતા છતાં ખૂબ જ ઓછી જરૂરિયાતો રાખી સુખી જીવન જીવતા હતા. જગ્યાઓ નાની હતી પરંતુ દિલ વિશાળ હતા. કોઈને પણ મળવા માટે અગાઉ જાણ કરવાની જરૂર રહેતી નહોતી. ઉપરોક્ત વાતોને યાદ કરીએ તો હવે એમ થાય છે કે હાલના સમયમાં આ વસ્તુ શક્ય છે ખરી? તો જવાબ કદાચ નકારમાં આવશે, કારણ શું ? કારણ કોઈ એક નથી, અનેક કારણ હોઈ શકે. ઘર મોટો બની ગયા પરંતુ દિલ સંકોચાઈ ગયા, ઘરમાં ઘર બની ગયા. પહેલા ઘર એટલે કુટુંબના દરેક સભ્યોનું ઘર, તેમાં કોઈ ભાગલા નહોતા. આજે વિશાળ ઘરના દરેક રૂમને તેનું નામ આપી દેવામાં આવે છે, આ રૂમ મોટા દીકરાનો, આ રૂમ નાના દીકરાનો, આ રૂમ અમારો વિગેર વિગેરે. એક વ્યક્તિએ બીજાના રૂમમાં જતા પહેલા વિચાર કરવો પડે.

આજે અંગત સ્વજનના ઘરે પણ જતા પહેલા આગોતરી જાણ કરવી પડે છે. તે અનુકૂળ છે કે નહીં તે જાણવું પડે છે. અગાઉ જાણ કર્યા વગર ન જઈ શકાય તેવો જાણે વણ લખ્યો રિવાજ થઈ ગયો હોય તેવું લાગે છે. આપણે એક વાત સમજીએ કે આપણે જેને મળવા જઈએ છીએ તેને પણ અનુકૂળતા હોવી જોઈએ પણ દરેક વખતે આગોતરી જાણ કરવી શક્ય નથી પણ હોતી. અને જાણ કર્યા વગર જઈએ તો ક્યારેક વણ નોતર્યા મહેમાન બની ગયા હોય તેવા લાગણી અનુભવીએ છીએ.

આ પરિસ્થિતિ માટે જવાબદાર કોણ? અલબત્ત આપણે જ જવાબદાર છીએ. બધા સંબંધો આપણે આપણી અનુકૂળતા અને સગવડતાઓ પ્રમાણે બાંધીએ છીએ. લાગણીથી નહીં. સંબંધોના મૂલ્યમાં અને વ્યાખ્યામાં ધરખમ ફેરફારો થયા છે. કૌટુંબિક સંબંધોના મૂલ્યમાં જાણે ઓટ આવી ગઈ હોય તેવું લાગે છે. ભાઈ-ભાઈના, ભાઈ-બહેનના તથા કુટુંબ સાથેના સંબંધો જાણે એક ઔપચારિકતા બની ગઈ હોય તેવું લાગે છે. દિલની વિશાળતા ધીમે ધીમે ઓસરી રહી હોય તેવું લાગે છે. આ પરિસ્થિતિમાં આપણે આપણા કુટુંબ સાથેના સંબંધોને વધારે ગાઢ બનાવીને કુટુંબને વધુ મજબૂત વધુ સમૃદ્ધ બનાવી શકવાનો પ્રયત્ન કરવો જોઈએ. સંતાનોને વારસામાં વધારે ધન સમૃદ્ધિ ના આપી શકીએ તો ચાલશે પરંતુ સમૃદ્ધ - કુટુંબ સંબંધવાળો વારસો જરૂર આપી શકીએ.

# જીવન એક ખેલ : આખી બાજી કદી આપણાં હાથમાં હોતી નથી

❑ મહેન્દ્ર પુનાતર

## સુખનો આનંદ એકલા માણી શકાતો નથી અને દુ:ખ ટોળામાં વહેંચી શકાતું નથી

જીવન ખૂબ જ વિસ્મયકારક અને રહસ્યપૂર્ણ છે. કાલે શું થવાનું છે, કેવી ઘટનાઓ ઘટિત થવાની છે તેની કોઈને કશી ખબર પડતી નથી. કાળનું ચક્ર ફર્યા કરે છે, પરિસ્થિતિ પલટાયા કરે છે અને માણસ તેની આસપાસ ભમ્યા કરે છે. આ જટિલ જગતમાં જ્યાં આપણું જીવન ઘણી બાબતો પર આધારિત છે ત્યાં હંમેશા બધું આપણી ઈચ્છા મુજબ થવાનું નથી. કશુંક તો અપેક્ષા વિરુદ્ધ થવાનું જ છે. મનગમતી વાત હંમેશા બનવાની નથી. જીવન એકબીજા સાથે પરસ્પર સંકળાયેલું છે તેથી તેની સંભવિત સારી માઠી અસર પડવાની છે. આ બધી બાબતો જીવનનો એક ભાગ છે. આપણે આ બધું ટાળી શકવાના નથી. સમય અને કાળના ચક્રને યથાર્થ રીતે સમજીને તેને અનુકૂળ થઈએ તો કપરા સમયને પાર કરી શકાય છે. દુ:ખ અને મુસીબતના સમયમાં જે માણસ ધૈર્ય ગુમાવતો નથી અને પરિસ્થિતિને અનુરૂપ થઈને વાસ્તવિકતાનો સ્વીકાર કરે છે તે ટકી શકે છે. સુખ અને દુ:ખ આપણી ઈચ્છાથી આવતા નથી અને જતા નથી. તે સમયચક્રનું પરિણામ છે. દુ:ખ અને નિરાશાનો અનુભવ દરેક માણસને એક યા બીજા સ્વરુપે થતો હોય છે. કોઈ જલ્દીથી બધું ભૂલી જાય છે તો કોઈના મનમાં આ બાબત લાંબા સમય સુધી ખટક્યા કરે છે. કાળના જખ્મો દરેક માણસને સહન કરવા પડે છે. કેટલીક વખત આપણો કશો વાંક ન હોવા છતાં મુસીબત આવી પડે છે. માણસ ધારણા, અપેક્ષા અને કલ્પનામાં રાચતો હોય છે અને સપનાના મહેલો મનોરથો સર્જાતા હોય છે. માણસને બધું એની મેળે મળી જતું નથી. આ માટે મહેનત અને પુરુષાર્થ કરવો પડે છે. ઈચ્છાઓ અને અપેક્ષાઓ ધાર્યા પ્રમાણે સુખ આપી શકતી નથી દુ:ખ જરૂર આપી શકે છે.

દુ:ખ, મુશ્કેલી અને વિપત્તિ આવે છે ત્યારે મન ઉદ્વેગ અનુભવે છે, જીવતર કડવું ઝેર બની ગયાનું લાગે છે. અને તે ઘટનાઓને અનુલક્ષીને ભાવિનો ભય સતાવ્યા કરે છે. કોઈ આપણા વિશે શું ધારશે, શું વિચારશે, નજીકના લોકોનો શો પ્રતિભાવ હશે એવી ચિંતાઓ માણસને સતાવ્યા કરે છે. કેટલીક વખત દુ:ખ હકીકતમાં એટલું મોટું હોતું નથી પણ ભયના કારણે એની માત્રા અનેકગણી વધી જાય છે. મોટાભાગના દુ:ખો માનસિક હોય છે. મન પરથી બોજો હટી જાય તો દુ:ખ જલ્દીથી ભૂલી શકાય છે. દુ:ખોને આપણે વાગોળી વાગોળીને ઘેરા બનાવી દઈએ છીએ. સુખ કરતા દુ:ખનું સ્મરણ લાંબો સમય ચાલે છે. વિચારો અને કલ્પનાઓના ઘોડાઓ દોડાવીને જખ્મોને પંપાળતા રહીએ છીએ. કોઈપણ સમસ્યા એવી નથી જેનું નિરાકરણ ન હોય. આ માટે હિંમત, ધીરજ અને આત્મવિશ્વાસ જોઈએ. સમયની સાથે બધું ઉકલી જતું હોય છે. બધું ઠીક થઈ જાય એ પછી માણસ બની ગયેલી ઘટનાઓ અંગે વિચારે તો તેને લાગશે કે આ બધી વ્યથા અને સંતાપ વેઠવાની જરૂર ન હોતી. દુ:ખના સમયે માણસ સ્થિર રહી શકતો નથી. તેનું મન આ અંગે કેન્દ્રિત થઈ જાય છે તેને બીજું કશું સૂઝતું નથી.

એક રીતે જોઈએ તો જીવનમાં આપણે ધારીએ છીએ તેવા સુખ દુ:ખ હોતા નથી. સગવડતા અને અગવડતા હોય છે. આપણને જે અનુકૂળ હોય તે સુખ લાગે છે અને પ્રતિકૂળ હોય તે દુ:ખ લાગે છે. સ્થિરતા અને સમતા હોય તો બધી બાબતો અનુકૂળ અને સ્વીકાર્ય બની જાય છે. દુ:ખને દૂર કરવાનો સરળ ઉપાય છે પરિસ્થિતિનો સ્વીકાર. આપણે કોઈપણ બાબતને જેવી છે તેવી સ્વીકારી લઈએ ત્યારે મનનો ઊભરો શાંત બની જાય છે. અને આંતરિક શક્તિ ઉભી થાય છે. તેમજ ઉભી થયેલી પરિસ્થિતિને દૂર કરવા માટે નવું બળ મળે છે. કોઈપણ માણસ સતત ક્રોધમાં, કે વ્યગ્રતામાં રહી શકે નહીં. આ ઉભરો શમી જવા માટે સર્જાયેલો હોય છે. અંદરનો ડોળ ધીરે ધીરે દબાઈ જાય છે અને માણસ દુ:ખને ભૂલીને સુખના કોઈ નવા ખ્યાલમાં ઢળવા માંડે છે. આમ છતાં કેટલાક દુ:ખોને ટાળી શકાતા નથી. તેની વાસ્તવિકતાનો સ્વીકાર કરવો પડે છે. મૃત્યુનું દુ:ખ આ પ્રકારનું છે. માત્ર સમયની સાથે તેની યાદો વિલીન થઈ જાય છે. જીવનનું આ મોટું દુ:ખ છે. બધું ઈશ્વરને નિયતિને આધીન છે નરસિંહ મહેતાની ઉક્તિ મુજબ મનને મનાવવું પડે છે.

**''જે ગમે જગતગુરુ દેવ જગદીશને**
**તે તણો ખરખરો ફોક કરવો**
**આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવસરે**
**ઊગરે એક ઉદ્વેગ ધરવો''**

કોઈ પણ કપરાં સંજોગોથી ગભરાઈ જવાથી કશું વળવાનું નથી. આખરે મુસીબત સામે લડ્યે જ છૂટકો છે. આપણે હસ્તે મોઢે આ પડકારનો સામનો કરીએ કે દુઃખી વદને પીડા સહન કરીએ. એ બેમાંથી એકની પસંદગી કરવાની હોય છે. કેટલીક વખત માણસના દુઃખનો તાગ મેળવવાનું અતિ કઠિન હોય છે. ચહેરા પર સ્મિત હોય પરંતુ હૃદયમાં ઊંડી વેદના ભરી હોય. કેટલીક વખત વેદનાને વાચા આપી શકાતી નથી. માણસે પોતાની દુઃખોને ભીતરમાં સમાવી દેવાના હોય છે. દુઃખ અને મુસીબતના સમયમાં રોદણાં રોવાનો કોઈ અર્થ નથી. આપણા દુઃખ અને મુસીબતની વાતો સાંભળવાની કોઈને ફૂરસદ નથી. આપણા સંતોષ ખાતર સામો માણસ આપણી વાત સાંભળી લેશે અને આવી તકલીફ પોતાને નથી એ જાણીને એનો અહમ સંતોષાશે. આપણી વ્યથાની વાત કોઈ ખોટા માણસને કરીશું તો તે અંદરખાનેથી ખુશ થશે. દુઃખ અને મુશ્કેલીઓને દૂર કરવાનો માર્ગ આપણે પોતે જ શોધી કાઢવાનો હોય છે. સુખમાં સાથ અને દુઃખમાં એકલતા જરૂરી છે. સુખનો આનંદ એકલા માણી શકાતો નથી અને દુઃખ ટોળામાં વહેંચી શકાતું નથી. કેટલીક વખત માણસ જેવું વિચારે છે તેવું બને છે. દુઃખના વિચાર કરતા હોઈએ તો દુઃખ નજર સમક્ષ આવે સારી ભાવના અને સારા વિચારો હોય તો બધું સારૂં દેખાય. નકારાત્મક વિચારો અને દુઃખોની સંભવિત કલ્પના દ્વારા માણસ મુશ્કેલી આવે તે પહેલા ઢીલો પડી જાય છે. ધારણા અને કલ્પનાઓ દ્વારા તે દુઃખો માટેની સેજ તૈયાર કરી રાખે છે. જેવું વાંચ્છે તેવું પરિણમે છે. આ અંગે ઓશોએ ટાંકેલી દૃષ્ટાંત કથાનો મર્મ સમજીએ.

એક માણસ અથડાતો કુટાતો કલ્પવૃક્ષ નીચે પહોંચી ગયો. તેને ખબર નહોતી કે આ કલ્પવૃક્ષ છે. તે થાક્યો પાક્યો વૃક્ષ નીચે આરામ કરતો બેઠો હતો. તેણે વિચાર્યું કે ભૂખ લાગી છે. આસપાસ કાંઈક ભોજન મળે તો મજા પડી જાય. આ તો કલ્પવૃક્ષ હતું જેવું ઈચ્છો એવું મળી જાય. તુરત જાત જાતના મિષ્ટાન્ન અને પકવાન હાજર થઈ ગયા. આ માણસ એટલો ભૂખ્યો હતો કે તેણે વિચાર્યું પણ નહીં કે આ ભોજન તત્કાળ ક્યાંથી આવ્યું તેને થયું આ કોઈ પુણ્યનું ફળ છે. આ ઈશ્વરની કૃપા છે.

ભોજન કર્યા બાદ સ્વાભાવિક રીતે તેને વિચાર આવ્યો કે સુવા માટે સારી જગ્યા છે. ગાદી તકિયા મળી જાય તો જરા વિશ્રામ થઈ જાય. તુરંત સુંદર શૈયા, ગાદી તકિયા હાજર થઈ ગયા. અને તે આરામથી સુઈ ગયો. બે ત્રણ ક્લાક પછી આંખો ખુલી ત્યારે તેણે મનોમન વિચાર કર્યો તરસ લાગી છે. સુમધુર શીતળ જળ મળે તો સારું અને ગુલાબની ખુશ્બુવાળું શીતળ મીઠું શરબત હાજર થઈ ગયું. આવું મધુર જળ તેણે ક્યારેય પીધું નહોતું. શરબત પીતા પીતા તેને જરા ખ્યાલ આવ્યો. આ બધું છે શું ? પહેલા ભોજનનો થાળ આવ્યો. પછી શૈયા આવી અને પછી શીતળ જળ. આ બધું ક્યાંથી આવ્યું ? આ વૃક્ષમાં કોઈ ભૂતપ્રેત તો નહીં હોય ને ? તુરત ભૂત પ્રેત પ્રગટ થઈ ગયા.

કલ્પવૃક્ષ તો જેવું વિચારો અને ઈચ્છો તેવું આપે. તેની આસપાસ ભૂતપ્રેત નાચવા લાગ્યા. તે ખૂબ ગભરાઈ ગયો તેને થયું બસ હવે હું મરી ગયો. તુરંત ભૂતપ્રેત તેની પર ચડી બેઠા અને તેનું ગળું દબાવી દીધું. જે કંઈ વિચાર્યું તે પ્રમાણે બન્યું.

માણસને દુઃખ કરતાં તેની ભ્રમણા વધુ પરેશાન કરે છે અને તે ડરી ડરીને મરતો રહે છે. મનમાંથી ડર અને ભય દૂર થઈ જાય તો મુશ્કેલી લાંબો સમય રહેતી નથી. સુખ અને દુઃખમાં માણસને વર્તમાન કરતા ભાવી વધુ સતાવતું હોય છે. ભાવીનો ડર માણસને અકળાવી નાખે છે. દરેક માણસ સુખને ટકાવી રાખવા અને દુઃખને ટાળવા મથે છે. જીવનની આખી બાજી કદી આપણા હાથમાં હોતી નથી. આપણે બાજીને સુધારવી પડે છે. કેટલીક વખત ખરાબ બાજી હોય તો પણ જીતી જવાય છે અને કેટલી વખત સારી બાજુ હોવા છતાં હારી જવાય છે. આ કુદરતનો ખેલ છે. જીવનની ગૂંચો કેટલીક વખત ઉકેલી શકાતી નથી. કાળના ચક્ર પાસે માણસનું કશું ચાલતું નથી. સમર્થ માણસ પણ લાચાર બની જાય છે. માણસ માત્ર નિયતિને આધીન છે.

# આનંદની ક્ષણો અને તમે

❑ મધુભાઈ ભીમાણી

સંસાર કાંઈ એટલો બધો અસાર નથી કે આપણને તેમાંથી આનંદની થોડી ક્ષણો ન મળે. પ્રશ્ન એ છે કે મળતી આનંદની ક્ષણો વિતાવવી કેવી રીતે? તમે મૂંઝવણમાં હો તો એકલા એકલા મૂંઝાવ. ન કહેવાય - ન સહેવાય એ સ્થિતિમાં મુકાઈ જાઓ. પણ આનંદ અલગ લાગણી છે - સાવ નોખી લાગણી. આનંદમાં હોઈએ ત્યારે કંપની શોધીએ. કોઈ અન્યની હાજરી ત્યારે ઝંખતા હોઈએ છીએ. આનંદ કાંઈ એકલા એકલા માણવાનો ન હોય. પ્રિય વ્યક્તિઓની હાજરીમાં ઉજવવાનો હોય.

જરા વિચાર કરીએ તો માલુમ પડશે કે બાળપણનો આનંદ મિત્રોની હાજરીમાં જ માણ્યો. શાળાના ક્લાસ હોય, રમતનું મેદાન હોય કે કોઈ પીકનીક હોય - જૂથમાં હોઈએ, આનંદ કિલ્લોલ કરતાં હોઈએ. તમારું બચપણ યાદ આવે છે? જુના મિત્રો સાથેની ધીંગામસ્તી સ્મરણે ચઢે છે?

હવે તો પરદેશમાં વસવાટ કરવો એ સામાન્ય વાત છે. વળી ડોલરિયા દેશમાં પૈસા કમાવવા એ મોટી વાત નથી. આવી સગવડતાથી ભરેલી જીંદગીમાં કંઈક ખૂટતું લાગે છે. વતનથી અને જૂના સાથીદારોથી દૂર થઈ જતાં મનમાં કંઈક ખૂટતુ હોય તેમ સતત લાગ્યા કરે. આમ તો કામકાજમાં દિવસ વ્યતીત થઈ જાય. રાબેતા મુજબ ઊંઘ આવે, તબિયતની કોઈ ફિકર ન હોય પણ જેવા શનિ-રવિ આવે કે એકલતા જેવું લાગે. મનમાં આનંદની લાગણી ઉદ્‌ભવે ત્યારે સહજ રીતે પ્રશ્ન થાય કે આ આનંદ મારે વહેંચવો કોની સાથે? આ વાક્ય મનમાં ઊગે કે વેદનાનો ઉદ્‌ગારેય નીકળી પડે. વ્યથાનો સમય જરા લાંબો ચાલે. ખુશી-હર્ષ-આનંદ આ બધી લાગણીઓ ત્યારે જ ખીલે જ્યારે સાથમાં સાથીદારોની હાજરી હોય! ક્યારેક આ લાગણીઓ કરમાઈ જતી હોય.

જૂના સાથીદારો કે મિત્રોની એક ઓળખ છે. એ ઓળખ લોહીમાં ભળી ગઈ હોય છે. પણ એ જૂના સંબંધો માત્ર વાગોળવા પડે ત્યારે ખુશી - હર્ષ - આનંદની લાગણી જખ્મી થાય. આનંદ ઉછળતો હોય - તેનો મૂડ હોય ત્યારે એકલા હોવું એ જીરવી ન શાકય તેવી ક્ષણો હોય છે. પણ આવી ક્ષણો જીવનમાં વાસ્તવિકતા રૂપે આવે ત્યારે સમજવું કે દરેક ક્ષણ આનંદની ન પણ હોય. દરેક આનંદની પળ ઉજવી શકે તવા નસીબદાર ગણાય. આમેય પરિસ્થિતિ હંમેશા આપણી ફેવરમાં ન હોય. કભી ખુશી - કભી ગમ એ જીંદગીનો વ્યવહાર છે.

સ્મિત પણ આનંદની લાગણીનું પ્રવેશદ્વાર છે. સોગીયા મોઢા સાથે કોઈ સંબંધ લાંબો ટકે નહીં. ખળખળતી નદી ને વ્હેતું ઝરણું ચિત્તાકર્ષક છે તેવું જ જીવનમાં આનંદનું સ્થાન છે.

પીક્ચર જોવા જવું છે ત્યારે એકલા જવાના કે? કે કંપની ગોતવાના? કંપની શોધીયે જ છીએ ને? એક સે ભલે દો, ઍન્ડ ટુ ઈઝ એ કંપની. આનંદની ક્ષણોમાં એકલા ન રહેતા. સુખમાં સાથીદાર શોધી લેજો. સુખની મહેફિલમાં તો સૌને નોતરવાના હોય?

ઝવેરચંદ મેઘાણીની પેલી અમર પંક્તિઓ યાદ આવે છે.

**તુજ સુખની મહેફિલમાં**
**તું સહુને નોતરજે**
**પણ જમજે અશ્રુની થાળ એકલો**
**હોંશીલા જગને હસવા તેડું કરજે**
**સંઘરજે ઉરની વરાળ એકલો.**

આનંદ એ અત્તરનાં પુમડા જેવો છે. તેમાં રહેલી સુવાસ પ્રસરવા લાગે છે - એની મેળે! તમારા કાનને આનંદના પુમડાનો સહવાસ મળતાં જ ગેલમાં આવી જવાના અને એ જ અત્તરનું પુમડું પ્રિય વ્યક્તિ પાસે પહોંચ્યું તો એ વિશેષ મધમધતું થઈ જવાનું - તમે સાંભળ્યું હશે હૃદય તો બાગબાગ થઈ જવાનું! નિયમ તો એવો બનાવવો જોઈએ કે આનંદની પળો ગમે તેમ કરી ઊભી કરવાની. એ આપણા હાથની વાત છે. એકલતાની ગમગીનીથી દૂર પણ આનંદની તો પાસે અને નજીક.

# ORACLE INTERNATIONAL

**(An ISO9001:2015 TUV CERTIFIED Company)**

**Manufacturer & Exporter of Brass Components**

**Contact Person :**
**Mr. Jay Shah (Director)**
**Mobile : +91 9624640055**



**Contact Person :**
**Mr. Dhaval Shah (Director)**
**Mobile : +91 99042 24204**

## Factory & Head Office :

Plot No.-10, Hari Om Industrial Estate

Behind Essar Petrol Pump, Near Kansumra Jamnagar - 361005,

Gujarat (India)Tel. No. (0288) 2568527 / 2568528.

**Email :** info@oracleint.com / sales@oracleint.com

**Website :** www.oracleint.com

**Sister Concern :**

## M/s. Everest Brass Industries

**Factory & Head Office :**

Works - Plot No.10,
Hari Om Industrial Estate
Behind Essar Petrol Pump,
Near Kansumra, Jamnagar - 361005,
Gujarat India
M. : +91 9428860154 / 9328218008
Email : everestbrass@gmail.com

**Mumbai Office :**

Mr. Jayesh Vasa,
C-4, 1st Floor, Shreyas Apt.,
Ashok Road, Near Damodarwadi,
Kandivali (E), Mumbai - 400101.
Mobile : +91 9322266714
Email : jvasa05gmail.com

# ‘‘સલામ સાહેબ’’

❑ લલિત જયંતિલાલ શેઠ - મોટીપાનેલી-ભાયંદર

હું ભણ્યો ઓછું. એક શેઠના બંગલે હું ચોકીદારનું કામ કરતો. નાનું કામ, નાનો પગાર, મોટી કૌટુંબિક જવાબદારીઓ વચ્ચે પણ હું સતત ઉત્સાહમાં રહેતો.

માલિકના આવવા-જવાના સમયે હું ઉત્સાહપૂર્વક બંગલાનો અને ગાડીનો દરવાજો ખોલતો. હસીને ‘‘સલામ સાહેબ’’ કહેતો. માલિક ક્યારેય એનો જવાબ ન વાળતા કે ન તો એક અછડતું સ્મિત પણ આપતા.

મોટા માણસ હતા. મોટા બંગલામાં મોટી મોટી મિજબાનીઓ થતી. ખાવાની વાનગીઓ બહુ વધતી. હું એ બધું કચરામાં ફેંકવાને બદલે મારે ઘેર લઈ જતો. મારા કુટુંબને ક્યારેય જોવા પણ ન મળે એવી વાનગીઓ ભરપેટ ખાવા મળતી. એક મિજબાનીને અંતે હું ઉત્સાહપૂર્વક પ્લેટ સાફ કરી કરીને ખાવાનું કોથળીઓનાં ભરતો હતો ત્યાં મેં જોયું કે શેઠ એક બાજુ ઉભા ઉભા મને જોઈ રહ્યા હતા. અમારી નજર મળી અને એ મોઢું ફેરવી ચાલ્યા ગયા. મારા મનમાં ફફડાટ થયો. નોકરી જવાની બીકથી હું ખિન્ન થઈ ગયો. છતાં મન મનાવ્યું કે કાલે નોકરી જવાની હશે તો જશે જ, તો આજે છેલ્લી વખત મારા કુટુંબને આ વાનગીઓ ખવડાવી લઉં. રાતે જતાં પહેલાં ઘરનો બધો કચરો બંગલાની પાછળના ભાગમાં રાખવામાં આવતા કચરાનાં પીપડામાં નાખીને પછી મારે જવાનું એ મારી રોજની જવાબદારી હતી. એ પ્રમાણે કામ પતાવી, હું રાતે પેલી કોથળીઓ લઈને મારે ઘેર જવા નીકળ્યો. પેલો ડર મનમાં સતત હતો એટલે ચોર નજરે મેં બંગલા તરફ પાછું વળીને જોયું. અંધારામાં વિશેષ ન દેખાયું, પણ મને લાગ્યું કે કોઈ ઉપરની બારીમાંથી મને બારીકાઈથી જોઈ રહ્યું હતું.

બીજા દિવસે આવ્યો ત્યારે ‘‘હિસાબ કરી લે અને કાલથી ન આવતો’’ એવું સાંભળવાની બીકે ફફડી રહ્યો હતો, પણ એવું કાંઈ ન બન્યું. રાતે કચરો નાખવા ગયો ત્યારે કચરાનાં પીપડાંની બાજુમાં એક કોથળીમાં થોડાં બટાટા, ટમેટાં, ભાજી, કેળાં, અડધો કિલો ચોખા - એવું બધું પડ્યું હતું. અહીં કચરાનાં પીપડાં પાસે પડ્યું છે એટલે નક્કામું જ હશે એમ માની હું એ ઘેર લઈ ગયો. પછી તો એ રોજનું થઈ ગયું. ક્યારેક દાળ, ક્યારેક લોટ, મસાલા, ઋતુ પ્રમાણે શાકભાજી, ફળો એવું રોજ કાંઈ ને કાંઈ મળતું. મારું કુટુંબ ત્યાર પછી ક્યારેય ભૂખ્યું ન રહ્યું.

અચાનક.... અચાનક એક દિવસ બંગલાના દરવાજે સાજેબની નહીં, પોલીસની ગાડી આવી. એક અકસ્માતમાં સાહેબનું મૃત્યુ થઈ ગયું હતું. બંગલો સુમસામ થઈ ગયો. સાથે સાથે... પેલી કોથળીઓ બંધ થઈ ગઈ. મારી મુસીબતોનો પાર ન રહ્યો. વિધવા બહેનજીને ‘‘મને હવે આ નોકરી નથી પોષાતી. તમે બીજો ચોકીદાર શોધી લ્યો’’ એમ કહેવાની હિંમત પણ નહોતી.

છેવટે જ્યારે મુશ્કેલીઓ બહુ વધી ગઈ ત્યારે મેં પગાર વધારો માગ્યો. બહેને પૂછ્યું,‘‘આટલાં વર્ષોથી કામ પર છો. તમને આ સંજોગોમાં વધારો માગવાનું સૂઝ્યું ?’’ મેં પેલી કોથળીઓથી મારું ઘર કેવી રીતે ચાલતું હતું એની વાત કરી. મેં કહ્યું,‘‘હવે સાહેબના જતાં આપને ન પોષાય એટલે આપે કોથળીઓ બંધ કરી એ હું સમજું છું. પણ મનેય નથી પોષાતું.’’

બહેન ચોધાર આંસુએ રડી પડ્યાં. હું ગળગળો થઈ ગયો. મેં કહ્યું,‘‘માફ કરજો. મારે તમારી પરિસ્થિતિ સમજવી જોઈતી હતી. મારે પગાર વધારો નહોતો માગવો જોઈતો.’’ બહેન બોલ્યાં, ‘‘એવું નથી. મને પણ નહોતી એવું તારુ આ સાતમું કુટુંબ છે જે તારા શેઠની મદદથી ખાવા પામતું હતું.’’

હું અવાચક થઈ ગયો. સાવ રુક્ષ અને જેણે એક વાર પણ ‘‘સલામ સાહેબ’’નો જવાબ આપ્યો નથી એ સાહેબ આ બધી મદદ કરતા હતા ?

બીજા દિવસથી કોથળીઓનો ક્રમ ફરી ચાલુ થયો. પણ હવે કોથળીઓ કચરાનાં પીપડાં પાસે નહીં, પણ શેઠનો દીકરો મને હાથોહાથ આપતો. એ પણ શેઠ જેવો જ સાવ રુક્ષ. ન બોલે, ન જવાબ આપે. હું રોજ એને ‘‘થેન્કયુ’’ કહેતો. એ તોછડાઈથી ચાલ્યો જતો.

એક વખત એક વડીલને દાવે, એની રીતભાત સુધારવાના હેતુથી મેં હાથ હલાવી, હોઠ પહોળા કરી, એને ‘‘થેન્કયુ’’ કહી, એની આંખોમાં આંખ પરોવી. એ મારી સામે જોઈ રહ્યો. પછી એણે પોતાના કાન ઉપર હાથ મૂકી, અંગુઠા ગોળ ગોળ હલાવ્યા. એનું કહેવું હું સમજ્યો. હું ચોંકી ગયો. એ સાંભળી શકતો નથી. મારું હૃદય દ્રવી ઉઠ્યું. મને દુઃખી થયેલો જોઈ, એ મારી પાસે આવ્યો. પોતાના ગળાની ચેઈનમાં રહેલું લોકેટ ખોલ્યું. એના બાપ સાથેનો એનો ફોટો એમાં હતો. એણે એક હાથની આંગળી બાપના ફોટા પર અને બીજા હાથની આંગળી પોતાના ફોટા પર મૂકી પછી બન્ને હાથ બન્ને કાનને અડાડી, અંગુઠા ગોળ ગોળ ફેરવ્યા. બાપ-દીકરો બન્ને મુક-બધિર. આટલાં વર્ષોથી હું ‘‘સલામ સાહેબ’’ ના જવાબમાં ‘‘સલામ’’ સાંભળવા તલસી રહ્યો હતો. કારણ સમજ્યા વગર કોઈને રુક્ષ ગણી બેઠો હતો. એની સામે તાકતો હું દડદડ આંસુએ રડી પડ્યો.

## પુરૂષ – સાત રંગોનું મેઘધનુષ

એક સ્ત્રી માટે પુરૂષ શું હોઈ શકે ? તમારા નામની પાછળ લખાતું દીવાલ જેવું અડીખમ નામ ? હાથમાં દર મહિને આવી જતી ઘરખર્ચની રકમ ? તમારા સંતાનોનો પિતા ? સમય કરતાં વહેલા ભરાઈ જતા લોનના હપ્તા ? સોલિટેરની ગિફ્ટ ? લાઈફ ઈન્શ્યોરન્સ, મેડિક્લેઈમનાં પ્રીમિયમસ વચ્ચે વહેંચાઈ જતો, તમારા નામે રોકાણ કરતો અને તમને સલામતી આપવા લોહી-પાણી એક કરીને પોતે કમાયેલું ઘર તમારા નામે કરી દેતો એક મર્દ ? પુરૂષ શું છે ? પિતા ? પ્રેમી ? પતિ ? કે દોસ્ત ? પુરૂષ એક મેઘધનુષ છે. એની પાસે સાત રંગ છે અને એ સાતેય રંગ દ્વારા એ તમારા જીવનમાં ઢગલાબંધ રંગ ઠાલવતો રહે છે. પુરૂષના આ સાત રંગ છે : સલામતી, સ્વીકૃતિ, સંવેદના, સહકાર, સમર્પણ, સંગાથ અને સંવાદ.

પુરૂષ એ સલામતી છે. અડધી રાત્રે તમને ઘરે મૂકવા આવે એ પુરૂષ નથી. પણ જેના સાથે હોવા માત્રથી તમારા દરેક ડર પૂંછડી દબાવીને ભાગી જાય એ પુરૂષ છે. આર્થિક રીતે સ્વતંત્ર સ્ત્રી પોતાની માલિકીના ઘરમાં સલામતી મહેસૂસ કરતી નથી. પણ ગમતા પુરૂષની છાતી વચ્ચે એ પોતાની જાતને સૌથી વધારે સલામત મહેસૂસ કરતી હોય છે. સ્ત્રી આખી જિંદગી સલામતી ઝંખતી રહે છે અને પુરૂષ લાગણીઓથી લઈને લગ્ન સુધીની બધી જ સલામતી એને આપતો રહે છે. પોતે ખરીદેલું ઘર કે ઓફિસ સ્ત્રીના નામે કરી દેતી વખતે એને ક્યારે પણ એવો વિચાર આવતો નથી કે એ દગો દઈને જતી રહેશે તો ? એ સલામત થવામાં નહીં. પણ સલામતી આપવામાં માનતો હોય છે. પુરૂષનો બીજો રંગ છે સ્વીકાર. સ્ત્રી જેટલી સરળતાથી સ્વીકાર કરી શકે એનાં કરતાં પણ પુરૂષો માટે કોઈ પણ વાત કે પરિસ્થિતિનો સ્વીકાર વધારે સહેલો હોય છે. પત્ની પતિની નાની-નાની વાતને ગાઈ-વગાડીને મોટી કરી શકે છે. પણ પત્નીની નહીં ગમતી વાતોને એ પોતાની છાતીમાંથી ક્યારેય બહાર નીકળવા દેતો નથી. કશું પણ બદલી નાખવાના વિચારોને અમલમાં મૂકવા કરતાં એને સ્વીકારી લેવાનો રસ્તો એને હંમેશાં સહેલો લાગે છે.

પુરૂષનો ત્રીજો રંગ છે સહકાર. આ એનો સૌથી મોટો ગુણ છે. એક સ્ત્રી બીજી સ્ત્રીને સહકાર આપવાની વાત આવે ત્યારે પીછેહઠ કરી લેતી હોય છે. પુરૂષ આવું કરતો નથી. બીજા પુરૂષને મદદ કરવાની વાત આવે ત્યારે એ પાછળ હટી જતો નથી. એ સહકારમાં માને છે. પુરૂષનો ચોથો રંગ છે સંવેદના. એની પાસે પણ ભરપૂર સંવેદનાઓ હોય છે. સવાલ એટલો જ છે કે એ રડીને, કકળાટ કરીને, ટોન્ટ મારીને એને વ્યક્ત કરતો નથી. દીવાલ પર વીંટળાયેલી વેલની માફક આ સંવેદનાઓ આખી જિંદગી એની છાતી સાથે વીંટળાયેલી રહે છે અને કોઈની પણ જાણ બહાર પુરૂષ એને લીલીછમ રાખવાના પ્રયત્નો કરતો રહે છે. પુરૂષનો પાંચમો રંગ છે સમર્પણ. આપણે એવું માનતા આવ્યા છીએ કે સ્ત્રી સૌથી વધારે સમર્પિત હોય છે. આ વાત સાચી છે, પણ એનો અર્થ એવો નથી કે પુરૂષો સમર્પિત હોતા નથી. સ્ત્રીનાં કમિટમેન્ટ કરતાં પુરૂષનું કમિટમેન્ટ વધારે પાક્કું અને ઘાટ્ટું હોય છે. આ બધું છોડીને ક્યાંક ભાગી જવું છે. એવું સ્ત્રી અનેકવાર કહેતી હોય છે. પુરૂષ આવું બોલતો નથી. એ વિના બોલે જવાબદારીઓ નિભાવતો રહે છે. પુરૂષનો સૌથી મહત્ત્વનો રંગ છે સંવાદ અને સંગાથ. સડી ગયેલા સંબંધમાં શ્રદ્ધા રાખીને એ છેલ્લે સુધી સંગાથ જાળવી રાખે છે. સ્ત્રી અબોલા લઈ શકે છે. પણ પુરૂષ માટે અબોલા સહેલા નથી હોતા. એનો ગુસ્સો ઓગળી જાય પછી સંવાદ એના માટે શ્વાસ જેટલો જરૂરી થઈ જતો હોય છે.

જેન્ટલમેન કિસે કહતે હૈ... આયુષમાન ખુરાનાનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાઈરલ થયો છે. દુનિયાભરમાં સેંકડો સ્ત્રીઓએ મી-ટૂ કહ્યું. સંબંધમાંથી ફાયદો લઈ લીધા બાદ પોતાનો ઉપયોગ થયો છે એવું ગાઈ-વગાડીને ચીસો પાડનારી સ્ત્રીઓ સામે એક પણ પુરૂષે પોતે જાણ્યે-અજાણ્યે સીડી બન્યાની ફરિયાદ ન કરી, કારણ કે પોતે લીધેલા નિર્ણયોની સંપૂર્ણ જવાબદારી સ્વીકારવાની ત્રેવડ મોટા ભાગના પુરૂષોમાં હોય છે. પોતે કરેલાં સમાધાનોને ગાઈ-વગાડીને કહેવાનું એમને માફક આવતું નથી.

પુરૂષ ખુલ્લે આમ રડી શકતો નથી. શયનેષુ રંભા, ભોજનેષુ માતા જેવી કોઈ શ્લોક એના માટે બન્યો નથી એટલું જ, બાકી એ પણ એના હિસ્સાનો રોલ નિભાવતા હાંફી જતો હોય છે. તમારી જેમ જ. એણે ઘરમાં વાસણ માંજવાનાં હોતા નથી. રસોઈ બનાવવાની હોતી નથી. એણે

ઓફિસે જવાનું હોય છે. ઢગલાબંધ વાવાઝોડાં સામે અડીખમ ઊભા રહેવાનું હોય છે. ઓફિસમાં રમાતા રાજકારણની સુનામીઓ વચ્ચેથી ભીના થયા વિના પસાર થવાનું હોય છે. એને પરિયડ્સ આવતા નથી. કમર કે પગના દુખાવાની ફરિયાદ એ વારેવારે કરતો નથી. સિગારેટના એકાદ કશ સાથે કે વ્હિસ્કીના પેગ સાથે એ થોડી ગાળો બોલી લે છે બસ. દોસ્તો સાથેની એની વાતમાં કેન્દ્રસ્થાને પત્ની, સાસુ, સસરા કે સાળો હોતા નથી.

એની પણ પોતાની ઈચ્છાઓ હોય છે. એની આંખો પણ સપનાંઓ જુએ છે. આ બધું હું શું કામ વેંઢારું એવો સવાલ એને પણ થતો હોય છે, પણ એ ચૂપ રહે છે. સપનાંઓ શૉપિંગ મૉલમાં વેચાતાં મળતાં નથી કે ઈચ્છાઓની કોઈ દુકાનો હોતી નથી. એવું એ જાણતો હોવા છતાં ગજવામાં તમારાં સપનાંઓ અને ઈચ્છાઓનું લાંબું લિસ્ટ લઈને આખો દિવસ ફરતો રહે છે.

ઈશ્વરે એનું સર્જન કર્યું ત્યારે દુનિયાભરની હિંમત એની અંદર ઠાંસી-ઠાંસીને ભરી દીધી છે એવું નથી. અંધારાનો ડર એને પણ લાગતો જ હોય છે અને તોય તમારો હાથ પકડીને એ હિંમતથી કહી શકે છે કે ડરતી નહીં. સંજોગોથી એ પણ ડરી જતો હોય છે. મુશ્કેલીઓ સામે એને પણ ફફડાટ થતો હોય છે અને તોય નિર્ણયો લેવાની જવાબદારીમાંથી મુક્ત થયા વિના તંગ દોરડા પર સતત ચાલતો રહે છે. એ ગજબ છે. પોતાની છાતીમાં મેઘધનુષ લઈને ફરતા પુરૂષને સમજવાનું તો અઘરૂં જ છે, પણ એના રંગોનો સ્વીકાર પણ મુશ્કેલ છે. મેઘધનુષ દેખાય એના માટે માપસરનો વરસાદ જોઈએ. સ્ત્રીઓએ આ એક જ વાતને સમજવાની જરૂર છે.

❑ **લેખિકા : એશા દાદાવાલા**

સફળતાનો કોઈ મંત્ર નથી, એ તો માત્ર કઠોર પરિશ્રમનું ફળ છે. સારૂ પરિણામ મેળવવા માટે વાતોથી નહીં, રાતોથી લડવું પડે છે. સમય અને શિક્ષણનો સદઉપયોગ જ વ્યક્તિને સફળ બનાવી શકે છે.

શિક્ષણ એક એવી વસ્તુ છે જેને આપવાથી અંધારામાં રહેલો વ્યક્તિ પ્રકાશ તરફ જાય છે અને તેનું અને તેના પરિવારનું જીવન ઉજ્જવળ બને છે તેમજ જતે દહાડે તે સમાજને પણ પ્રગતિના પંથે લઈ જાય છે.

## BIO-DATA



## DHAWAL MEHTA

***Personal Details :***

| | | |
|---|---|---|
| **Birth Date** | : | 12th Jan 1994, 2.15 am. |
| **Birthplace** | : | Kolkata |
| **Height** | : | 5' 11" |
| **Education** | : | B.Tech (Electronics & Instrumentation) (VIT Vellore) |
| **Occupation** | : | Family Business M/s. Minoo Impex / Metrixplus Instruments Inc. Trading, Customized Manufacturing. Import & Export of Test Measuring Instruments 206-207, Anand Jyoti Building, 41, N.S.Road, Dalhousie, Kolkata |

**Supposed to Shift to Pune - Dhawal is Sifted to Pune**

| | | |
|---|---|---|
| **Pune Office** | : | M/s. Metrixplus Instruments, (Pune) Shop No.2, Navkar Residency, 602, Kasba Peth, Near Gundacha Ganpati Mandir, Pune - 411011 |
| **Cast** | : | Sorath Visashreemali Swetamber Deravasi Jain |
| **Diet** | : | Jain Food |
| **Native Place** | : | Tori (Saurashtra) |
| **Hobbies** | : | Reading, Playing Indoor & Outdoor games, Sports, Social Work, Travelling |

***Family Background :***

| | | |
|---|---|---|
| **Father** | : | Yogesh Dhirajlal Mehta |
| **Occupation** | : | Businessman - Import & Export of Electrical & Electronic Test Measuring Instruments |
| **Mother** | : | Chetna Yogesh Mehta |
| **Occupation** | : | Home Maker |
| **Grandfather** | : | Late Dhirajlal Jivanlal Mehta |
| **Grandmother** | : | Late Rasilaben Dhirajlal Mehta |
| **Siblings** | : | Minal Vaibhav Mehta (Elder Sister - Married) |
| **Mosal** | : | Sushilaben Gunvantrai Ramani (Lakhapadar, at present Pune) |
| **Residence** | : | 5-A Hansalaya, 23/3 Chakraberia Road (South), Bhawanipur Kolkata - 700025 |
| **Contact Details** | : | Yogesh Mehta - 9903002880 |

# પિતાની અંતિમ ભેટ

## *Posted by Adhuri Lagni*

❑ **અમૂલ્ય ગુજરાતી વાર્તામાંથી**

દીપક અને સ્વાતિના લગ્નને થોડો સમય જ થયો હતો. પરંતુ સાસુ અને વહુ વચ્ચે બહુ બનતું ના હતું અને બંને વચ્ચે ઝગડા થયા કરતાં. દીપકના પપ્પા ખુબ જ શાંત સ્વભાવના હતાં તે બધું જ જોતા પરંતુ તે હંમેશા ચૂપ રહેતાં. થોડો સમય આવું ચાલ્યું પરંતુ એક દિવસ સ્વાતિએ કંટાળીને દીપકને છુટા થવાની વાત કરી. દીપકે સ્વાતિને ખુબ જ સમજાવવાની કોશિશ કરી પરંતુ સ્વાતિ હવે દીપકની વાત માનવા તૈયાર ના હતી અને સ્વાતિ એ તો ત્યાં સુધી કહી દીધું હતું કે જો તે પોતાના માં બાપ થી અલગ નહિ થાય તો તે ઘર મૂકીને તેના પિયર જતી રહેશે. આખરે દીપકે પોતાના માં બાપથી અલગ થવાનું અને નવું ઘર લેવાનું વિચારી લીધું. દીપકે બીજે જ દિવસે બેંકમાં ઘર લેવા માટેની લોનની અરજી મૂકી દીધી.

થોડા સમય બાદ દીપકના પપ્પાએ જાત્રાએ જવાની ઈચ્છા વ્યક્ત કરી અને દીપકને કહ્યું કે, બેટા, હું અને તારી મમ્મી એક મહિના માટે જાત્રાએ જવા માંગીએ છીએ, જિંદગીમાં પૈસા કમાવાની હાયમાં ના તો હું ભગવાનને ભજી શક્યો કે ના તો હું તારી માં સાથે સરખું જીવી શક્યો. ક્યારે ઘડપણ આવી ગયું ખબર જ ના પડી અને મોત ક્યારે આવી જશે તે પણ ખબર નહિ પડે. તેથી હવે અમારી બંનેની જે જીંદગી બાકી રહી છે તે શાંતિથી જીવવા માંગીએ છીએ. દીપકના પપ્પા ના જાત્રાએ જતા પહેલા આ છેલ્લા શબ્દો હતાં. એક મહિના માટે દીપકના મમ્મી પપ્પા જાત્રાએ જવા નીકળી ગયા હતાં. જાત્રાએ ગયા બાદ દીપક રોજ તેના મમ્મી પપ્પાને ફોન કરતો. હવે દીપકના મમ્મી પપ્પાનો જાત્રાએ થી આવવાનો સમય થઈ ગયો હતો.

જાત્રાએથી પરત આવવાના સમય બાદ પણ દીપકના મમ્મી પપ્પા ના આવ્યા બાદ દીપકે તેના મમ્મી પપ્પાને ફોન કર્યો અને પુછ્યું. ''પપ્પા તમે ક્યાં છો ? કેમ હજુ આવ્યાં નહિ ?'' દીપકના પપ્પાએ કહ્યું,''બેટા, અમે કાશીમાં છીએ, અહીંયા અમે એક વૃદ્ધાશ્રમની મુલાકાતે આવ્યા હતાં. તેનું વાતાવરણ, ખાવાનું પીવાનું, રહેવાનું, સવાર સાંજ ભગવાનના દર્શન, બધું જ મને અને તારી માં ને માફક આવી ગયું એટલે અમે અહીં જ રહેવાનો નિર્ણય કર્યો છે. તારી મમ્મીનો સ્વભાવ પણ હવે ઘણો બદલાઈ ગયો છે. મેં તને ઘરેથી નિકળતા પહેલા જ કીધું હતું ને કે હવે અમારી બંનેની ઉંમર શાંતિ મેળવવાની છે. અશાંતિ ઊભી કરવાની નહિ. હવે તમે બંન્ને શાંતિથી જીવો. અમારી ચિંતા ના કરીશ. ભગવાનની દયા થી મારે પેન્શન આવે છે જેમાં અમારો ખર્ચો નીકળી જાય છે. તમારી તબિયતનું ધ્યાન રાખજો.

દીપકે આ સાંભળતા જ રડતાં રડતાં પપ્પાને કહ્યું,''પપ્પા તમને મારા સમ, પાછા આવી જાવ.'' દીપકના પપ્પાએ કહ્યું, ''ના બેટા, હવે આપણી મંઝિલ અલગ અલગ છે. તમે લોકો તમારી રીતે શાંતિથી જીવો અને અમે અમારી રીતે. બેટા, તને ખબર છે, તારી માં નો સ્વભાવ સાવ ચીડિયો થઈ ગયો હતો. તે પોતે ખુબ જ ચોખ્ખાઈથી રહી છે અને એ જ અપેક્ષા તારી વહુ પાસે રાખે છે જે આ જમાના પ્રમાણે શક્ય નથી. જેના લીધે રોજ ઘરનું વાતાવરણ તંગ અને અશાંત બની જાય છે. જે હું નથી ઈચ્છતો. સવારે ઉઠીને એકબીજાના મોઢા જોવા ના ગમે ત્યારે સમજી લેવું કે ઘરનું પતન નક્કી છે અને હું એવું નથી ઈચ્છતો દીકરા કે ઘરનું કોઈ સભ્ય આવા વાતાવરણને કારણે ગંભીર બીમારીનું શિકાર બને અથવા તો આપણા ઘરમાં કોઈ અઘટિત ઘટના બને. એટલે જ મેં આ રસ્તો અપનાવ્યો છે. તું જરા પણ મનમાં ના લેતો. જતું કરે તેને જ માં બાપ કહેવાય દીકરા, બાકી તને કોઈ તકલીફ પડે તો હું બેઠો છું. દુર જવાથી હું તારો બાપ કે તું મારો દીકરો મટી નથી જવાનાં. આપણા વિચારો જ અલગ છે બાકી પ્રેમ તો બંનેને એટલો જ છે. દીકરા મતભેદ હોય ત્યારે જ જુદા થવું સારું રહે. જો એકવાર મનભેદ થઈ જાય પછી જુદા થઈએ પછી એક થવું ખુબ જ અઘરું હોય છે. બીજી એક વાત દીકરા. તે જે બેંકમાં નવું ઘર લેવા માટે અને અમારાથી અલગ થવા માટે તે જે લોન માટે અરજી જે મેનેજરને આપી હતી તે મારા મિત્રનો જ દીકરો છે. તારે હવે નવું ઘર લેવાની જરૂર નહિ પડે કારણકે મે તારા નામે આપણું મકાન કરી નાખ્યું છે અને તેનાં પેપર તે બેંકના જ મેનેજરને આપેલા છે તેની પાસેથી લઈ લેજે. દીકરા તું અલગ ઘર લઈને લોનના હપ્તા ભરીશ કે ઘર ચલાવીશ ? અને તું હેરાન થતો હોય એ અમને પણ ના ગમે. તમે બંને સુખી થાવ, આનંદમાં રહો, અમારું એ જ સ્વપ્નું હોય. સારું દીકરા હવે હું ફોન મુકું છું. મારે આરતીનો સમય થઈ ગયો છે અને તારી માં મારી રાહ જોતી હશે. જય શ્રી કૃષ્ણ... કહીને દીપકના પપ્પાએ ફોન કટ કરી નાખ્યો.

**સાર :** માં બાપ આપણી પાસેથી કઈ *Expect* નથી કરતાં, એ ખાલી એટલું જ *Expect* કરે છે કે જે પ્રેમની લોન આપણે એમની પાસેથી બાળપણમાં લીધી હોય છે તે જ આપણે તેને એના ઘડપણમાં પાછી આપીએ.

# આબરૂ ખાનદાની અને મોભો ગણાતા સંયુક્ત પરિવારો હવે વેરવિખેર

❑ જયેશ શરદચંદ્ર વસા

સંયુક્ત કુટુંબો હવે તૂટી ગયાં છે. કોઈને સાથે રહેવું ગમતું નથી. નવા જમાનાની હાલની પરિસ્થિતિએ પણ કુટુંબોને વિભક્ત કરી નાંખ્યા છે. જૂનું બધું બદલાઈ ગયું છે. હવે બધાને પોતાની રીતે રહેવું છે. કહેવાતી સ્વતંત્રતા અને પ્રાઈવસી જોઈએ છે. કોઈનું આધિપત્ય ગમતું નથી. લાઈફ સ્ટાઈલમાં પણ ધરમૂળથી ફેરફાર થઈ ગયા છે. શિક્ષણ વધ્યું છે. પણ સમજ, સંસ્કાર અને આમન્યા રહી નથી એવું લાગે છે. જીવન શૈલી બદલાઈ ગઈ છે. મોજશોખ વધ્યા છે. થોડા સમયમાં વધુ માણી લેવું છે. પૈસા વધ્યા છે પણ તેનો સહી ઉપયોગ કેવી રીતે કરવો તે સૂઝતું નથી. દંભ અને દેખાવ વધ્યો છે. પૈસાથી બધું ખરીદી શકાય છે એમ લોકો માની રહ્યા છે.

એક વખત સંયુક્ત પરિવારોની જાહોજલાલી હતી. પરિવારો ઈજ્જત, આબરૂ અને ખાનદાનીથી ઓળખાતાં હતાં. થોડા સાધન સંપન્ન હોય તો મોટું ખોરડું કહેવાતું. ગામડાં અને શહેરોમાં સયુક્ત કુટુંબો હતાં. બધા સાથે હળીમળીને રહેતાં હતાં. સંયુક્ત કુટુંબ એટલે માત્ર માતા, પિતા અને બાળકો નહીં ચાર કે પાંચ ભાઈઓ હોય તો પણ તેમનાં દીકરા દીકરીઓ, પિતરાઈ ભાઈ બહેનો અને અન્ય સંબંધીઓ એક ઘરમાં રહેતાં હતાં. બધા વચ્ચે પ્રેમ અને સહકારની ભાવના હતી. વેપાર ધંધા સાથે હતાં. આ મારું અને આ તારું એવી ખેંચતાણ નહોતી.

સંયુક્ત કુટુંબોની એક અજનબી વ્યવસ્થા હતી એમા મુખ્ય વડીલની હકુમત રહેતી. તેમના દ્વારા કાબેલિયત મુજબ કામની સોંપણી થતી હતી. કુટુંબની દરેક બાબતની કાળજી તેમનાં હસ્તક રહતી. તેમાં કોઈ હસ્તક્ષેપ કરી શકતું નહી. સગપણ, લગ્ન અને વહેવારિક પ્રસંગો અંગે તેમના દ્વારા નિર્ણયો લેવાતા હતા. તેમનો બોલ આખરી ગણાતો. આર્થિક, સામાજિક અને કૌટુંબિક જવાબદારી તેમના શિરે રહેતી પણ બધાએ તેમનાં આદેશ મુજબ કામ કરવું પડતું હતું. સંયુક્ત કુટુંબમાં બધાના વરાઓ અને પ્રસંગો સહેલાઈથી ઉકેલાઈ જતા હતા.

૩૦ થી ૪૦ માણસોના પરિવારને સાચવવાનું અને તેમને એક તાંતણે બાંધી રાખવાનુ એટલું સહેલું નહોતું મહિલા વર્ગમાં કામની વહેંચણી મહિલા વડીલ દ્વારા થતી. તે વખતે શ્રમના કામો હતાં. ઘરમાં રસોડું સંભાળવું, રોજ દળનું, વાસીદું કરવું, કુવામાંથી અથવા વાવ કે નદીમાંથી માથે બેડું લઈને પાણી ભરી આવવું, બળતણ લેવા માટે જવું. આવા નાના મોટા ઘણા કામો રહેતાં. શહેરોમાં ત્યાંના જીવન મુજબ કામો રહેતાં. સંયુક્ત કુટુંબમાં બાળકો સચવાઈ જતાં હતાં. તેમની રમવાની, ખાવાપીવાની કે ભણતરની કોઈ ચિંતા નહોતી. સંયુક્ત જવાબદારી હતી. નબળાં સબળા બધા સચવાઈ જતાં હતાં. બાળકો ક્યારે મોટાં થઈ જતાં તેની ખબર પડતી નહોતી. બધાને માંગે તે નહીં પણ ખૂટે તે મળતું બધા પ્રેમ અને લાગણીથી જોડાયેલા રહેતાં. મહેમાનોનું પણ ખુબ ઉમળકાભેર સ્વાગત થતું હતું અને તેમની સરભરા દિલથી થતી હતી. શહેરોમાં જગ્યા સાંકડી હતી પણ દિલ મોટા હતા. બધા પ્રેમથી સમાઈ જતાં હતાં. આજે જગ્યા મોટી છે પણ દિલ સાંકડા થઈ ગયા છે. ત્રણ ચાર બેડરૂમના ઘરમાં પણ મા બાપ સમાતા નથી. કેટલાક ઘરોમાં દીકરાઓ માં બાપને રાખવા માટે વારા કાઢે છે. પ્રેમ અને લાગણી જેવું રહ્યું નથી.

સંયુક્ત કુટુંબનો યુગ હવે ખતમ થઈ ગયો છે. કુટુંબની વ્યાખ્યા બદલાઈ ગઈ છે. હવે પતિ-પત્ની અને બાળકો એટલે પરિવાર. એમાં ભાઈ બહેન, માતા પિતાની સમાવેશ થતો નથી. બે ભાઈઓને પણ સાથે રહેવું મુશ્કેલ છે. સંકુચિત માનસ, સ્વાર્થ, લોભ અને હાલની જીવન વ્યવસ્થાએ પરિવારોને વેરવિખેર કરી નાખ્યાં છે. હવે પરિવારો પણ શાંતિથી જુદા થતાં નથી. માલ મિલ્કતો માટે ઝગડા થતાં હોય છે. એમાં સંબંધોનો ભોગ લેવાય છે. બોલવાનો વહેવાર રહેતો નથી. આ આજના જમાનાની તાસીર છે. મન, મોતી અને કાચ એક વખત તૂટ્યા પછી સંધાતા નથી. બધું થાળે પડે તો પણ તેનાં ઉઝરડા રહી જાય છે.

લોકો તો ટીકા કરશે જ  
એનાથી તારો રસ્તો ના બદલ  
થવું હોય સફળ તો બસ  
મૂકીને શરમ સાહસ કરતા શીખ..  
જેમની અંદર એકલા ચાલવાની હિંમત હોય છે,  
તેમની પાછળ એક દિવસ કાફલો હોય છે.  
એક નિરાશાવાદી વ્યક્તિ દર અવસર પર માત્ર  
મુશ્કેલીઓને જ જુએ છે,  
જ્યારે એક આશાવાદી વ્યક્તિ દરેક મુશ્કેલીમાં  
તક જુએ છે.

## પુષ્પાંજલિ



**જન્મ :**
**તા.૨૮-૮-૧૯૨૮**

**સ્વર્ગવાસ :**
**તા.૧૦-૫-૨૦૧૫**

## સ્વ.મહાસુખલાલ ભગવાનદાસ સંઘવી

**મૂળવતન : જુનાગઢ**

શ્રી સોરઠ વિશાશ્રીમાળીના સેવાભાવી કાર્યકર એવા આપ સત્કર્મો અને સત્કાર્યો દ્વારા પ્રેરણારૂપી જીવન જીવી, વાત્સલ્યભરી દિવ્ય સ્મૃતિઓ તથા વડલા જેવી શીતળછાયા દરેક

**સ્નેહીજનોના દિલમાં મૂકતા ગયા.**
**મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે.**
**મૃત્યુ પામે છે માનવી પોતે પણ તેના સત્કર્મો જીવે છે.**

આપના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા પરમ શાંતિ આપે તેમજ આપના આશીર્વાદ તથા આપનું માર્ગદર્શન કાયમ અમારી સાથે રહે એવી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના

| | | | | | |
|---|---|---|---|---|---|
| **ધર્મપત્ની** | : | જયા | **પુત્રવધૂ** | : | દિપ્તિ |
| **પુત્ર** | : | સંજય | **જમાઈ** | : | નયન જયંતીલાલ તુરખિયા |
| **પુત્રી** | : | કલ્પના | **જમાઈ** | : | પારસ રવિન્દ્રભાઈ વસા |
| **પુત્રી** | : | નીતા | | | |
| **પૌત્રી** | : | હેતાલી તથા પંક્તિ | | | |
| **દોહિત્રી** | : | રિદ્ધિ રોનક દોશી | **દોહિત્ર** | : | પ્રતિક પારસ વસા |

**તથા સંઘવી પરિવારની અંતઃકરણપૂર્વક**
**પુષ્પાંજલિ**

Kayami - May

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મહિલા મંડળ બોરીવલી




રજત જયંતિના સફળ કાર્યક્રમ પછી આ વર્ષનો બીજો પ્રોગ્રામ બોરીવલી મહિલા મંડળ દ્વારા તા. ૧૧ એપ્રિલ ૨૦૨૩ના રોજ શાંતિનગર હોલ બોરીવલી વેસ્ટ ખાતે યોજવામાં આવ્યો હતો. મોર્ડન પાર્ટી ડિનર મેનુ શીખડાવતો કુકિંગ ડેમોસ્ટ્રેશનનો આ કાર્યક્રમ ખૂબ જ પ્રખ્યાત કુકિંગ ક્લાસ ચલાવતા શ્રીમતી લીનાબેન સંગોઈ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.

જૈન સલાડ કોમ્પિટિશન, કુકિંગ ડેમોસ્ટ્રેશન, લકી ડ્રો અને ગૃહ ઉદ્યોગ ચલાવતી બહેનો દ્વારા રાખવામાં આવેલા સ્ટોલ આ કાર્યક્રમનું અનેરૂ આકર્ષણ હતું. મંડળની બહેનોએ પણ શોપિંગ કરવામાં અનેરો ઉત્સાહ બતાવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત જૈન સલાડ કોમ્પિટિશનથી થઈ હતી જેમાં મંડળની બહેનોએ ઉત્સાહ પૂર્વક ભાગ પોતાની સુઝબુઝ દ્વારા બનાવેલી વાનગીઓ રજુ કરી વાનગી કલાનું પ્રદર્શન કર્યુ હતું. જજ તરીકે લીનાબેને વિજેતાઓના નામ જાહેર કર્યા હતા જેમાં પ્રથમ વિજેતા દક્ષાબેન કોરડિયા, દ્વિતીય વિજેતા કોકિલાબેન મહેતા અને તૃતીય વિજેતા ખ્યાતિબેન પારેખનાં નામો જાહેર થયા હતા. વિજેતા બહેનોને તુલાબેન મહેતા અને કારોબારી સમિતિના સભ્યોના હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા.

ત્યારબાદ લીનાબેન દ્વારા એક પછી એક નવી વાનગીઓની રેસીપી સમજાવી અને વાનગીઓ બનાવી હતી. સ્ટાર્ટર, સલાડ, મોકટેલ તથા ડેઝર્ટની આ વાનગીઓને ટેસ્ટ કરીને બહેનોએ તેના સ્વાદનો આનંદ માણ્યો હતો. બહેનોએ વાનગીની બાબતમાં પૂછેલા દરેક સવાલોના જવાબો લીનાબેને સરળ ભાષામાં અને વિસ્તારપૂર્વક આપ્યા હતા. મંડળની બહેનોએ આ બધી વાનગીઓ શીખવામાં અનેરો ઉત્સાહ બતાવ્યો હતો.

કાર્યક્રમની મધ્યમાં લકી ડ્રોના ઈનામ વિજેતાઓ જાહેર થયા હતા અને તેમને ઈનામોનું મુંબઈના વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે સભ્ય બહેનોએ હોશપૂર્વક પોતાના જન્મદિવસ, લગ્ન તિથિ તથા સારા પ્રસંગ નિમિત્તે મંડળને ભેટ અર્પણ કરી હતી.

ફાલ્ગુની બહેને મંડળની બહેનોને જણાવ્યું હતું કે નવા વર્ષીતપ કરનારાઓમાં શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મહિલા મંડળ બોરીવલીની ૧૧ બહેનોનો સમાવેશ થાય છે. આ તમામ તપસ્વીઓ નામ જાહેર કરી તેમની ઓળખાણ કરાવીને તેમની શાતા પૂછીને તપની અનુમોદના કરવામાં આવી હતી. આ ૧૧ બહેનોમાં કારોબારી સમિતિના સભ્ય બહેનોનો પણ સમાવેશ થાય છે.

ગૃહ ઉદ્યોગ ચલાવતી બહેનોને પ્રોત્સાહન આપવાના હેતુથી બહેનો દ્વારા રાખવામાં આવેલ સ્ટોલની મંડળની બહેનો દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. આ સ્ટોલમાં કેરી, કુર્તિ, લેગિંસ, અથાણા - મસાલા તથા શરબતના સ્ટોલ રાખવામાં આવ્યા હતાં. મંડળની બહેનોએ ઉત્સાહપૂર્વક ખરીદી કરી હતી.

કાર્યક્રમની પૂર્ણાહુતિમાં પેકેટ તથા ઠંડા પીણાનું વિતરણ કરવામાં આવ્યું હતું. અંતમાં કવિતાબહેને લીનાબેન, હાજર રહેનાર બહેનો તથા સ્ટોલ રાખનાર દરેક બહેનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

મંડળનો આગામી કાર્યક્રમ જૂન મહિનામાં રાખવામાં આવશે. જેની આહોતરી જાણ મંડળની બહેનોને કરવામાં આવશે.

શ્રીમતી તુલાબહેન મહેતા - પ્રમુખ, શ્રીમતી ફાલ્ગુનીબહેન મહેતા - મા.મંત્રી, શ્રીમતી કવિતાબહેન મહેતા - મા.મંત્રી

**વિચારવામાં તમારો સમય ન વેડફો, હમણાં જ કામ શરૂ કરી દો સફળતાની રસ્તો નિષ્ફળતાના રસ્તે પસાર થાય છે. જે ઝૂકતો નથી તે તૂટી જાય છે એટલે હંમેશાં અહંકારથી દૂર રહો. ધન તમારી પાસેથી કોઈ પણ છીનવી શકે છે, પરંતુ જ્ઞાન હંમેશાં તમારી પાસે જ રહેશે.**

## મેઘધનુષ પ્રોગ્રામની યાદગાર સંભારણા

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈ દ્વારા આયોજિત સાત રંગોથી સજાયેલો મેઘધનુષ કાર્યક્રમ રવિવાર તા.૩૦-૪-૨૦૨૩ના રોજ ઘાટકોપર ખાતે ઝવેરબેન પોપટલાલ સભાગ્રહમાં ખૂબ ધામધૂમથી ઉજવાયો.

કાર્યક્રમના કન્વીનર તથા સમાજના મંત્રી શ્રી પરિમલભાઈ ભીમાણીએ સભામાં ઉપસ્થિત રહેલા સહુને આવકારતા જણાવ્યું કે પચાસ વરસ ઉજવતા સમાજ પુખ્તા થયો છે અને છેલ્લા પચાસ વરસથી સામાજિક, આર્થિક અને તબીબી ક્ષેત્રે અવિરત કાર્યો કરતો રહ્યો છે. સુવર્ણજયંતી વરસમાં આપણને એવા પ્રમુખ મળ્યા છે જે સમાજ માટે સતત કંઈક અલગ અલગ અને નવું કરવાનું વિચારતા હોય છે. આજનો કાર્યક્રમ મેઘધનુષ પણ એમની કલ્પનાનું જીવંત ઉદાહરણ છે.

ઓડીટોરીયમમાં દાતાઓ તથા મહેમાનોની બેઠકની વ્યવસ્થા કોર કમિટીના સભ્યો શ્રી ભૌતિક ભણસાલી તથા ધવલ ભણસાલીએ સંભાળી હતી.

કાર્યક્રમનો દોર આગળ વધારવા એમઓસી (માસ્ટર ઓફ સેરિમની) આપણા જ સમાજના શ્રી અભયભાઈ કિરીટભાઈ પારેખ તથા શ્રીમતી ભાવનાબેન મનોજભાઈ મહેતાનો પરિચય કરાવ્યો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

સહુપ્રથમ શ્રી જયંતભાઈ દોશીએ નવકારમંત્ર તથા સરસ્વતીમંત્ર સંભળાવી કાર્યક્રમની શુભ શરૂઆત કરી હતી. ત્યારબાદ વારાફરતી ગીતો, નૃત્ય, નાટક તથા મિમિક્રીનો અસ્ખલિત પ્રવાહ વહેતો થયો અને ત્રણ કલાક ક્યાં પૂરા થઈ ગયા તે ખબરજ ના પડી. આઠ વરસથી લઈને બોતેર વર્ષની વ્યક્તિઓએ મંચ પર એવી માહોલ રચ્યો કે વન્સ મોરનો શોર મચી ગયો. કલાકારોની ધગશ અને મહેનતે સમાજના મેઘધનુષના પ્રોગ્રામને ચાર ચાંદ લગાવી દીધા. મેઘધનુષ એ સુવર્ણ જયંતિની ઉજવણીનો પૂર્વાર્ધ હતો અને તેના ઉત્તરાર્ધ કાર્યક્રમ દાંડિયારાસ તથા આનંદ મેળાનું આયોજન માટે મંત્રી શ્રી આશિષભાઈ વિનોદભાઈ મહેતાએ વિગતવાર માહિતી આપી અને તેમને આવનારા બીજા પ્રોગ્રામની માટે ફાળા માટેની નમ્ર અપીલ કરી જેનો દાતાઓએ ઉત્કૃષ્ટ પ્રતિભાવ આપતા ફક્ત દસજ મિનિટમાં રૂપિયા આઠ લાખની માતબર રકમ એકઠી થઈ ગઈ. તમામ ઉદાર દિલ મહાનુભાવોનો સમાજ દિલથી ખુબ ખુબ અનુમોદના કરે છે. આ કાર્યમાં સમાજના ઉપપ્રમુખ શ્રી ધીરેનભાઈ વસા તથા સમાજની કમિટીના સભ્યો શ્રી કિશોરભાઈ રામાણી, શ્રી જયંતભાઈ દોશી અને શ્રી કમલભાઈ દોશી તથા શ્રી સંજયભાઈ મહેતાનું અમૂલ્ય યોગદાન રહ્યું હતું.

મંચ પરથી ઓડિસનમાં સિલેક્ટ થયેલા દરેક કલાકારને બહુમાન રૂપે રૂા.૫૦૦/- તથા એપ્રીસીએસન સર્ટિફિકેટ આપવામાં આવ્યા. આ કાર્ય સમાજના ખજાનચી શ્રી યોગેશભાઈ વોરા, સમાજની કમિટીના સભ્ય શ્રી અતુલભાઈ વસા, કોર કમિટીના સભ્યો શ્રી નિલેશભાઈ વોરા તથા શ્રી નિકુંજભાઈ શેઠે ખુબજ સુંદર રીતે પાર પાડયું હતું. મેઘધનુષની સફળતાથી ફલિત થયું કે સમાજમાં અનેક પ્રતિભાવંત કલાકારો છે જેમને તક અને પ્રોત્સાહન મળે તો તેમની પ્રતિભા માણવાનો લ્હાવો સમાજની દરેક વ્યક્તિને મળે અને તેમની પ્રતિભામાં ઓર નિખાર આવે. આ ભગીરથ કાર્યમાં સમાજના દરેક મંડળોએ જે સહકાર આપ્યો છે તે ખરેખર કાબિલે દાદ છે.

કાર્યક્રમના અંતમાં ભાવનાબેન તથા અભયભાઈનું ચાંદીની નોટ આપીને બહુમાન કરવામાં આવ્યું હતું અને મંત્રી શ્રી પરિમલભાઈ ભીમાણીએ કલાકારો, શ્રોતાઓ, તથા કમિટીના સર્વે સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો અને સહુને સ્વાદિષ્ટ ભોજન રસ પૂરીનો આસ્વાદ માણવા કહ્યું હતું જેને સહુએ બે મોઢે વખાણ્યા હતા. ભોજનની વ્યવસ્થા સમાજની કમિટીના સભ્યો શ્રી કિર્તીભાઈ વસા, શ્રી જયંતભાઈ દોશી, શ્રી શૈલેષભાઈ વોરા, શ્રી કમલભાઈ દોશી, શ્રી કિશોરભાઈ રામાણી અને શ્રી જયેશભાઈ ચુનીલાલ વસાએ ખુબજ સરસ અને સુંદર રીતે સંભાળી હતી. મેઘધનુષના કાર્યક્રમથી પ્રભાવિત થઈને ૧૦,૦૦૦ રૂપિયા શ્રીમતી ભારતીબેન અનિલભાઈ પારેખ તરફથી અને ૧૫૦૦ રૂપિયા એક સદ્ગ્રહસ્થ તરફથી સ્પોન્સરશિપ રૂપે આવેલા છે. તે બદલ સમાજ તેમનો ખૂબ ખૂબ આભાર માને છે. જતા જતા સહુનો એકજ સુર હતો - **યે દિલ માંગે મોર!**

## સ્વરોજગાર યોજના - આર્થિક સહાય

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ, મુંબઈ દ્વારા સ્વરોજગાર યોજના હેઠળ આર્થિક જરૂરિયાતમંદ લોકોને પોતાનો સ્વતંત્ર ધંધો કરવા માટે રૂા.૨૫૦૦૦/- સુધીની વ્યાજમુક્ત લોન આપવામાં આવશે.**

**લોન મેળવવા ઈચ્છુક વ્યક્તિઓએ સમાજની ઓફીસમાંથી ફોર્મ મેળવી સંપૂર્ણ વિગત ભરીને જરૂરી ડોક્યુમેન્ટ સાથે સમાજની ઓફીસમાં જમા કરાવી દેવા. સમાજના ધારાધોરણ પ્રમાણે લોન મંજુર કરવામાં આવશે.**

# મેઘધનુષ કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારો


ધર્મી સચિન શેઠ


કવીર કલ્પેશ કોરડીયા


પ્રિયાંશ સચિન શેઠ


જીત તેજસ મહેતા


પીહુ હાર્દિક શાહ


માયશા બાદલ સંઘવી


કિંજલ જીતેન્દ્ર શાહ


કેયા પ્રેમલ મહેતા


મહેક અને જીજ્ઞા મિતેશ ભીમાણી


હેતલ બાદલ સંઘવી


સ્વરા રુહિલ સંઘવી


રીના સચિન પારેખ


તૃપ્તી નિર્ભય સાવડીયા, ભાવી સેહુલ રામાણી, ભાવી જતીન કોરડીયા, મમતા હેમાંશુ શાહ, અમી ધર્મેશ કોરડીયા, સેજલ હેમલ મહેતા, મૈત્રી સાગર કોરડીયા, દીપ્તી હિરેન કોરડીયા

# મેઘધનુષ કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારો





કરિશ્મા અભય પારેખ, મીતા હર્ષદ દોશી, જાગૃતિ કમલેશ પારેખ, સોનલ દીપક પારેખ, કામિની ચેતન પારેખ

જીનાલી હાર્દિક શાહ









વિયાના બાદલ સંઘવી

નિતિકા દેવાંગ શાહ

ફિયોના મનોજ મહેતા

જાન્વી નિર્ભય મહેતા









શિખા ભાવિન પારેખ

કેશર વિક્રમ શેઠ અને આસ્થા રાજેશ શાહ

દેશના મિતુલ વસા

સ્વરા રુહિલ સંઘવી





જીયા તેજસ વોરા અને ક્રિષાની શાલીભદ્ર વોરા

બીના નિલેશ વોરા, ઉર્વી કેજલ મહેતા, ભૂમિ દીલીપ મહેતા,
ચાર્મી સિદ્ધાર્થ વોરા, આરતી કેયુર વોરા, ફેમિના દીપેન મહેતા

## મેઘધનુષ કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારો



કુશ સમીર શેઠ



પ્રીત સચિન પારેખ



ગીતાબેન જયંતભાઈ શેઠ



કૃતિ મહેન્દ્ર શાહ



અનસુયાબેન ભોગીલાલ વસા



અરૂણભાઈ મનસુખલાલ વોરા



ભવ્ય હિતેશ શાહ



ભરતભાઈ ન્યાલચદ મહેતા



જીનેશ કનકરાય વોરા



રાજેશ ગુલાબચંદ મહેતા

"દરેક રંગ જુદા હોવા છતાં તેમનું આપણા જીવનમાં એક આગવું અને અનેરૂં મહત્વ હોય છે. બધા રંગ ભેગા થાય ત્યારે જ મેઘધનુષ બને છે તેમજ અલગ અલગ વ્યક્તિ સાથે રહે ત્યારે એક પરિવાર બને છે. અને દરેક પરિવાર ભેગા મળે ત્યારે એક સમાજ બને છે." સોરઠ સમાજના વિરલાઓએ પોતાની કલા દ્વારા મેઘધનુષની જેમ દીપી ઉઠ્યા અને સરસ મજાની રંગોળી બનાવી દીધી.

મેઘધનુષ કાર્યક્રમના કોર કમીટીના સભ્યો



મેઘધનુષ કાર્યક્રમના કોર કમીટીના સભ્યો



મેઘધનુષ કાર્યક્રમના યાદગાર સંભારણા



મેઘધનુષ કાર્યક્રમના યાદગાર સંભારણા



મેઘધનુષ કાર્યક્રમના યાદગાર સંભારણા

**આર્ય સંસ્કૃતિની ધરોહર સમા સંયમધરાના**
**ગુરૂપૂર્ણિમાનાં પાવનપર્વે સુવર્ણરેખા (પુસ્તક માટે)**

# વિશ્રાંતિના વડલા સમ સંયમી જીવનની સુવાસ ફેલાવતા સંયમ સિતારાઓની ભુરી ભુરી અનુમોદના..

**જેના અક્ષરે અક્ષરે અક્ષય પદની ખેવના જાગે છે....**
**જેના શબ્દે શબ્દે સંવેગની છોળો ઉછળે છે....**
**જેના વાક્યે વાક્યે વૈરાગ્યની જ્યોત ઝળકે છે....**
**જેના પગલે પગલે પુરૂષાર્થીઓ આરાધનામાં રત બને છે....**

જેમનું જીવન અહિંસા, સંયમ અને તપરૂપી વાટિકામાં સદાય રમણ કરતું રહે છે. જેમના સમર્પણની સુરાવલીથી આ સંસારમાં ભવ્યજનો જાગી જઈ અને મોક્ષમાર્ગે આગળ વધવા પ્રયત્નશીલ બને છે. જેમના તન-મનમાં માત્ર ને માત્ર અર્હંત્ - અર્હંત્ અને અર્હંત્નો જ નાદ ગુંજી રહ્યો છે. એવા સંયમીઓનું જીવન એ જીવન નહિં પણ તેજરેખા છે જે દરેકને માટે ઉજ્જવળ સંકેતરૂપ સાબિત થાય છે.

ભા એટલે પ્રકાશ અને રત એટલે રમમાણ - રજત. પ્રકાશમાં જે અનુરક્ત તે ભારત દેશ. આ ભારત દેશનો એક એક ભાગ સંતોથી શોભી રહ્યો છે. કૃષિ અને ઋષિપ્રધાન દેશ એટલે ભારત. ભારતની ભૂમિ ધર્મ અને તત્વજ્ઞાનની ત્યાગભૂમિ છે. પ્રભુ મહાવીરની અહિંસા અને અપરિગ્રહની આલબેલ. પ્રભુ બુધ્ધની કરૂણા અને મહાત્મા ગાંધીનો સત્યનો ત્રિવેણી સંગમ એટલે જ ભારતની ભૂમિ. સંતો ભારતીય સંસ્કૃતિના પ્રાણ છે. ભારતના મહર્ષિઓએ માત્ર ભારતની ભૂમિ પર જ નહિ પરંતુ સમગ્ર દુનિયાના ખૂણે ખૂણામાં અહિંસાની આહલેક જગાવી, તપનો ત્રિરંગો લહેરાવ્યો અને સંયમની સુગંધ ફેલાવી છે. માનવતાની મંગલતા પ્રસરાવનાર સંતોની દિનચર્યા અને વાણીનો ઈતિહાસ જ પૂર્વની આધ્યાત્મિકતાની સંસ્કૃતિનો ઈતિહાસ છે.

આ વસુંધરા સંત-સંસ્કૃતિની પ્રાણ પ્રતિષ્ઠાના પાયા પર ચણાયેલી હોવાથી અખંડિત રહી શકે છે. જ્યાં માનવતાના મંગલ ગીતો, મૈત્રીની સરગમ પર ગવાઈ રહ્યા છે. જ્યાં જયણા અને કરૂણાના દીવડા મંગલ પ્રકાશ પાથરી રહ્યા છે. સંત પ્રવચન દ્વારા વહેતી જ્ઞાનગંગામાં સ્નાન કરી સર્વ જીવ પોતાના મનના મેલને ધોઈ રહ્યા છે. એવી આ પવિત્ર ભૂમિમાં ઠેકઠેકાણે સંયમી આત્માઓ પોતાના તપ-ત્યાગ-સંયમ-સ્વાધ્યાય અને સમાચારી દ્વારા મુક્તિદ્વારના બારણે ટકોરા મારી રહ્યા છે. સમગ્ર વિશ્વ જેનું ઘર છે. વિશ્વની સમગ્ર જીવસૃષ્ટિ જેનો પરિવાર છે અને મુક્તિમંદિરે પહોંચવું એ જ જેમનું અંતિમ લક્ષ્ય છે. એવા સંયમી જીવોનું જીવન અદ્ભુત છે.

જે સંસારમાં ક્ષણે ક્ષણે શૂન્યતાનું સર્જન છે. પળે પળે પાપના પોટલા બંધાય છે. સ્વાર્થ - કપટ અને કાવાદાવાના કારખાનારૂપ, જ્યાં જખમોનો જ્વાળામુખી ભડભડ સળગી રહ્યો છે તેવા સંસારની શતરંજ પર ચર્તુગતિની ચોપાટ ન રમવાનો અડગ નિર્ણય કરનારા સંયમીઓ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારની પગદંડીએ ચાલીને મુક્તિમહેલે પહોંચવા કટિબધ્ધ થાય છે.

નરકગતિમાં ધર્મ સંભળાવનાર કોઈ નથી, તિર્યંચગતિમાં ધર્મ સમજાવનાર કોઈ નથી, દેવગતિમાં ધર્મ આચરનાર કોઈ નથી, માત્ર મનુષ્યગતિ જ એવી છે જ્યાં ધર્મ સાંભળવા મળે છે. જિનવાણી દ્વારા, ધર્મ સમજવા મળે છે. સંત સતીજીઓના સત્સંગ દ્વારા સંયમધર્મ આચરવા મળે છે. અહિંસા, સંયમ, તપરૂપ ધર્મના આચરણ દ્વારા જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ત્રિતત્વને ગ્રહણ કરવા દ્વારા.

આવા સંતોનું જીવન કેવું હોય છે ? તો તેનો જવાબ એ છે કે જેઓ નૈતિક મૂલ્યોના વિકાસ અને અહિંસાના પ્રચાર માટે સદા તૈયાર હોય છે. માનવતાના મૂલ્યોના પુનરૂત્થાનના જાગ્રત પ્રહરી સમાન રહેલા છે. યોગ-ધ્યાન અને સ્વાધ્યાયમાં સદા મગ્ન રહી સતત તેનો અભ્યાસ કરનારા હોય છે. પ્રજ્ઞાના પારગામી, વિનમ્રતાના ગુણને ધારણ કરનાર, શિસ્તના આગ્રહી હોય છે. અતિન્દ્રિય ચેતનાના માલિક, કુદરતમાં છુપાયેલા રહસ્યોને ઉજાગર કરવા હંમેશા પ્રયત્નશીલ રહેતા હોય છે. સમર્પણ અને મશાલ જેવું જીવન જીવતા. સાદગી અને સરળતાના પર્યાય એવા આ પૂજ્યશ્રીઓનું જીવન ખુદ એક પ્રયોગશાળા જેવું હોય છે. સંયમજીવનના લખલૂટ ફાયદાઓને સમજીને જેમણે પોતાનું જીવન પ્રભુના શાસનને સમર્પિત કર્યું છે. મુક્તિના અમૂલ્ય સુખોને પામવા જેમણે ભૌતિક સુખોને ઠોકર મારી છે. તેવા પૂજ્યશ્રીઓની વિચારધારામાં પ્રવજ્યા એટલે ? ? ?

વિકૃતિમાંથી પ્રકૃતિ તરફનું પ્રયાણ...
વિસર્જનમાંથી સર્જન તરફની રાહ...
રાગમાંથી ત્યાગ અને વાસનામાંથી
ઉપાસના તરફ જવાનો રસ્તો...
ભોગમાંથી યોગ અને સાધન માંથી સાધના તરફની ગતિ

કષાયોના કકળાટથી દૂર શાંતિ-સહજતા-
સમતા ભણી પ્રસ્થાન.....
પાપથી પશ્ચાતાપ ભણી અને દુર્જનતાથી
સજ્જનતા ભણી આગેકૂચ

આવા પ્રવર્જિત થયેલા પ્રેમપયોધિ અને વિશિષ્ટ કોટિના સંતપુરૂષો અને સતીજીઓનું જીવન પરમ ઉપકારી હોય છે. આવા પુણ્યશાળીઓ - ઉત્તમ કોટિના સંત-સતીજીઓમાં **નવ પ્રકારના અમૃતકુંડ રહેલા છે.** જે નીચે પ્રમાણે છે.

**(૧) અત્યંત કોમલ ચિત્ત :** લવલેશ પણ ખેદ નહિ, કષાયો નહિ. શાંતિ-સમતા અને સમાધિમાં સતત રમતાં રહેવું એ જ જેમનું લક્ષ્ય હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો ક્રોધ, માન, માયા અને લોભથી દૂર રહી, બીજાના મનને જરાપણ ઠેસ ન પહોંચે તેની તકેદારી રાખનારા સંયમીઓ ક્યારેય કોઈને તસુભાર દુઃખ પણ આપી ન શકે. બીજાનું મન ઉદ્વિગ્ન થાય, બીજાના મનમાં ખેદ થાય તેવા આચાર, વિચાર અને વર્તનને જેમણે હંમેશને માટે તિલાંજલિ આપી છે. તેવા મહાપુરૂષો ન તો બીજાનું દુઃખ જોઈ શકે છે કે ન તો બીજાને દુઃખી કરી શકે છે. સુખ-શાંતિ અને સમાધિ મળે એ જ આત્માનું કલ્યાણ છે. આવો ભાવ ત્યારે જ આવે કે જ્યારે ચિત્ત અત્યંત કોમળ હોય, ગુણગ્રાહીદૃષ્ટિ હોય, જયણાસભર વર્તન હોય અને સર્વ જીવોને પોતાના આત્માવત્ માનેલા હોય. આવા જ્ઞાનીઓ, મહાપુરૂષો જ જીવન જીવી જાય છે, અમર બની જાય છે.

**(૨) અત્યંત મધુરી વાણી :-** જેમને માટે જગતના દરેક જીવો મિત્ર સમાન છે. તેવા મહાપુરૂષોને ક્યારેય કોઈ પ્રત્યે કટુભાવ કે નફરત રહેતી નથી. આથી તેમનો વ્યવહાર દરેક સાથે લાગણીભર્યો અને સૌજન્યશીલ હોય છે. પોતાના વચનથી કોઈ પણને દુઃખ ન પહોંચે તે માટે તેઓ સતત જાગૃત હોય છે. વાણી સાચવીને વાપરીએ તો ઘા પર મલમ લગાડવાનું કાર્ય કરે છે. અને જો આડેધડ વાણીનો ઉપયોગ થાય તો ઘણીવાર માણસને મારી નાખવા જેવું જઘન્ય કૃત્ય પણ આચરાય જાય છે. સંસ્કૃતમાં બે ખૂબજ સુંદર શ્લોક આ માટે આપેલા છે તે જોઈએ તો -

प्रिय वाक्य प्रदानेन, सर्वे तुष्यन्ति जन्तवः।
तस्मात् प्रिय ही वक्तव्यं, वचने किं दरिद्रता।।
लक्ष्मी वसंति जिह्वाग्रे, जिह्वाग्रे मित्र बांधवः।
जिह्वाग्रे बंधन प्राप्त, जिह्वाग्रे मरणं ध्रुवम्।।

પ્રિય વાક્ય બોલવાથી તમામ જીવ, પ્રાણીમાત્ર સંતોષ પામે છે, તો પછી શું કામ મીઠી વાણી ન બોલવી? તેમાં શું કામ ગરીબાઈ રાખવી? સૌને માનભેર વિવેક સહિત બોલાવવા.

મધુર વાણીએ કરીને કોઈ વ્યક્તિ મોટા માણસોની પ્રશંસા કરે તો તેને લાખ રૂપિયાનું ઈનામ આપી દે છે. ખરાબ વાણી બોલી કોઈ તિરસ્કાર કરે તો તેના હાડકા પણ ભાંગી નાખે છે. જે મધુરવાણી બોલે છે તેના તમામ કાર્ય સિધ્ધ થાય. જ્યારે ખરાબ વાણી બોલે તેની સાથે બધાને વેર થાય છે. જીભની અંદર જ લક્ષ્મી, મિત્ર અને સંબંધીઓનો વાસ છે અને જીભની અંદર જ બંધન અને મૃત્યુ રહેલું છે.

આ વાસ્તવિકતાને સંત-સતીજીઓ સુપેરે સમજી ગયા છે. આથી તેઓ કદી પણ કટુ વચનો બોલતા નથી, સાવદ્ય વાણી ઉચ્ચારતા નથી. એક શ્લોકમાં પણ એટલે જ સાધુ ભગવંતો માટે કહ્યું છે કે,

नगरी सोहंति जलवृक्ष बागा, राजा सोहंता चतुरंगी सेना।
नारी सोहंति परपुरुषत्यागी, साधु सोहंता निरवद्य वाणी...

**(૩) પ્રસન્નતાયુક્ત ઉજ્જવળ દીર્ઘદ્રષ્ટિ :** જેમની દૃષ્ટિ માત્ર વર્તમાનનો જ વર્તારો નથી આપતી પરંતુ ભુત-ભવિષ્ય અને વર્તમાનને યોગ્ય રીતે વિચારી, સારા-નરસાને પોતાની દીર્ઘદ્રષ્ટિથી પિછાણી, ભવિષ્યને ઉજ્જવળ બનાવવારૂપ દિશાસૂચન કરાવે છે. ભૂતકાળ અને વર્તમાનકાળ સાક્ષી છે કે આવા સંતોના આશીર્વાદ અને પ્રભાવથી ભારતીય સંસ્કૃતિ, જૈન સંસ્કૃતિ, આર્ય સંસ્કૃતિ જીવીત રહી શકી છે. ધર્મ તેના મૂળ સ્વરૂપમાં આજ સુધી ટકી રહ્યો છે અને ભવિષ્યમાં પણ સદીઓ સુધી ટકી રહેશે.

હજારો વર્ષ સુધી સાહિત્ય, સંસ્કૃતિ, શાસ્ત્રો વગેરેની યોગ્ય સ્વરૂપે જાળવણી થઈ હોય તો તેનો શ્રેય સંતરત્નોની દીર્ઘદ્રષ્ટિને આભારી છે. ભારત આજે સંસ્કૃતિના શિખરે બિરાજ્યું છે તેનો શ્રેય સંતજનોની સહિષ્ણુતા, સમજશક્તિ અને દૂરંદેશીને આપવો ઘટે.

**(૪) સામર્થ્ય છતાં ક્ષમાભાવ :-** કોઈ વ્યક્તિ નિર્માલ્ય હોય, લાચાર હોય જે પોતાની ખામીને કારણે, સામી વ્યક્તિને પહોંચી શકે તેમ ન હોય તે માટે તેને ક્ષમા આપી જતું કરે છે તેને ક્ષમાવંત ન કહી શકાય. પોતે સામર્થ્યવાન હોવા છતાં. સામી વ્યક્તિને પાડી શકે તેવો હોવા છતાં ક્ષમાપનાનું મહત્ત્વ સમજી કર્મોની નિર્જરા કરવા માટે ક્ષમા આપે તે જ સાચો ક્ષમાવંત છે.

કપડાં પર લાગી જતો નાનો અમથો ડાઘ. કપડા પહેરવાની મજા બગાડી નાખે છે. આંખમાં પડી જતું નાનું શું તણખલું આંખ સામે અંધકારનું સામ્રાજ્ય ખડું કરી સામે જ રહેલા વિરાટ હિમાલયને દેખાતો બંધ કરી દે છે. ટાયરમાં ખૂંપેલી નાની શી ખીલી. ટાયરને ખાલી કરી વાહનને બેકાર બનાવી દે છે. એ જ રીતે વેરની નાની ગાંઠ જીવાત્માને પરમાત્મા બનતો અટકાવી દે છે. મોક્ષપ્રાપ્તિની સંપૂર્ણ તાકાતને નિષ્પ્રાણ બનાવે છે. માટે જ ક્ષમાપનાનું મહત્વ અપરંપાર છે. આવી ક્ષમાપનાને સંત સતીજીઓએ પોતાના હૃદયમાં સ્થાન આપ્યું છે.

**(૫) ન્યાયમાર્ગને અનુસરતી બુધ્ધિ :** મહાપુરૂષોના જીવનનું એક મહત્વનું લક્ષણ એ છે કે તેઓ ક્યારેય ન્યાયમાર્ગથી વિપરીત આચરણ કરતા નથી. પોતાના સિધ્ધાંતોને વફાદાર રહીને, ન્યાયમાર્ગને ઉચિત વર્તન કરે છે. તેઓ અન્યને માર્ગદર્શન આપે તો પણ ન્યાયમાર્ગને અનુસરીને જ તેઓ સૂચન કરે છે. વળી આ સિવાય ક્યાંય ન્યાયમાર્ગનું ઉલ્લંઘન થતું જોવા મળે તો તેઓ તેને તાબે થતાં નથી. ઉલટાનું તેનો વિરોધ કરી તેઓ પણ ન્યાય માર્ગને અનુસરતું વર્તન કરે, કાર્ય કરે એ રીતે પ્રેરણા કરે છે.

ન્યાયમાર્ગે થઈને જ તેઓ આગળ વધે છે. જે માર્ગમાં તેમને અન્યાય થતો દેખાય ત્યાંથી તેઓ પાછા ફરી જાય છે, અથવા તો તેને ન્યાય માર્ગે લઈ જવાનો પ્રયત્ન કરે છે. બાકી ન્યાયમાર્ગથી જુદું તેમનું અસ્તિત્વ જ નથી તેમ કહીએ તો ચાલે.

**(૬) રૂપની સાથે શિયળનો પણ સુભગ સમન્વય :-** રૂપ, તેજસ્વિતા એ બાહ્ય દેખાવને આધીન હોતા નથી. માણસના અંતરના ભાવો તેને તેજસ્વી કે નિર્માલ્ય બનાવે છે. મહાપુરૂષો માટેની પહેલી લાયકાત એ તેમનું બેદાગ ચારિત્ર છે. કદાચ કોઈ વ્યક્તિ અબજોપતિ હોય, પ્રભુત્વવાળો હોય, અમર્યાદ સત્તાનો સ્વામી હોય છતાં તેનું ચારિત્ર બરાબર ન હોય તો કોઈ તેનો વિશ્વાસ કરતું નથી. કદાચ પૈસાવાળો હોય કે સત્તાધીશ હોય તેનું ચારિત્ર ખરાબ હોય તો ભલે લોકો તેનાથી ડરી તેની સામે કાંઈ ન બોલે પરંતુ જ્યારે વાત ભરોસો કરવાની આવે ત્યારે તેનામાં કોઈને વિશ્વાસ પડતો નથી.

આવી ઊલટી વાત એ છે કે ઘણી વ્યક્તિ અખંડ ચારિત્રની સ્વામિની હોવા છતાં કદરૂપી હોય, છતા લોકો તેને પ્રેમથી આવકારે છે, કારણ કે લોકો માત્ર રૂપ નથી જોતાં, ગુણ પણ અતિશય મહત્વના છે જ. કદાચ બાહ્ય દેખાવ ધરાવતી વ્યક્તિ કામચલાઉ પ્રેમ, વાહ-વાહ, શાબાશી મેળવી લે ખરા પરંતુ સાચા તો ગુણ છે. આંતરિક રીતે ગુણોનો ભંડાર જેનામાં ભરેલો હોય તેવી વ્યક્તિને લોકો હૈયાના હેતથી આવકારે છે, પૂજે છે. આ બાબત સત્ય લાગતી ન હોય તો ઈતિહાસના પાના ઉઘાડી લેજો સત્યતાની પ્રતીતિ થયા વગર રહેશે નહી.

દરેક મહાપુરૂષમાં રહેલું બ્રહ્મચર્યનું તેજ તેમની આસપાસ એક અત્યંત અલગ પ્રકારની આભા ઉભી કરે છે. આ આભા દ્વારા જ તેમનું બાહ્ય વ્યક્તિત્વ તો નિખરે જ પણ આત્મિક ઓજસના અજવાળા પણ દુનિયામાં ફેલાય છે.

**(૭) સદ્‌ગુણોના ભંડાર :-** મહાપુરૂષો સદ્‌ગુણના ભંડારરૂપ હોય છે. કેટલાયે સદ્‌ગુણો તેમના આશ્રયે રહેતા હોય છે. પ્રેમ, કરૂણા, પ્રભાવકતા, લાગણીસભર હૃદય, મૈત્રીભાવ, નિર્ભયતા, સત્ય પ્રત્યે સંપૂર્ણ નિષ્ઠા અને સમર્પણ, નમ્રતા, સરળતા, સાદાઈ, ક્ષમાભાવ, ઉપસર્ગો અને પરિસહોને હસતા મુખે સહન કરવાનું શૌર્ય અને સહનશીલતા, સમભાવ, કષાયોને ઉપશાંત કરવાની તથા રાગ-દ્વેષથી સતત દૂર રહેવાની જાગરૂકતા તથા સાવધાની, સંઘર્ષપૂર્ણ જીવન, સાધના દ્વારા અધ્યાત્મના શિખરે પહોંચવા સતત કઠિન પુરૂષાર્થ અને સતર્કતા, તપ-ત્યાગ અનાસક્તભાવ દ્વારા, મોક્ષરૂપી મંઝીલે પહોંચવા સતત આરાધના, જ્ઞાન-દર્શન ચારિત્રની સમ્યગ્ સાધના - આરાધના દ્વારા મોક્ષને જ લક્ષ્ય બનાવી, ગુરૂચરણે સમર્પિત થઈ, શાસ્ત્રનું અધ્યયન ચિંતન-મનન દ્વારા પોતે સન્માર્ગે ચાલે અને શરણે આવેલા ભવ્ય જીવોને પણ સન્માર્ગે બતાવી, તેમનું યોગ્ય માર્ગદર્શન કરી મોક્ષમાર્ગે ચાલવાની સતત પ્રેરણા આપે છે.

આવા જ્ઞાનના સાગર મહાપુરૂષો સદ્‌ગુણોના ભંડાર હોય છે. દુર્ગુણો તેમનાથી કોસો દૂર ભાગે છે. અરે ! તેમના સંપર્કમાં અગર દુર્ગુણોને આશ્રય આપનાર દુર્જનો પણ આવે તો તેઓને પણ દુર્ગુણોને દેશવટો આપી સજ્જન બનવું જ પડે તેઓ મહાપુરૂષોનો પ્રભાવ અને પ્રતાપ હોય છે.

**(૮) અભિમાનથી રહિત જ્ઞાન :-** મહાપુરૂષો ગુણોનો ભંડાર હોય છે. એ તો હકીકત છે જ પરંતુ સાથે સાથે તેઓ જ્ઞાનનો પણ ભંડાર હોય છે. તેઓ જ્ઞાનની સાધના - આરાધના દ્વારા અગમ-નિગમ-આગમના જ્ઞાતા બને છે.

એના જાણપણા દ્વારા તેઓ સમાજને એક નવી દૃષ્ટિ, દિશા અને રાહ ચીંધનારા બને છે. ઈતિહાસ સાક્ષી છે કે આવા મહાપુરૂષોએ બતાવેલા માર્ગે ચાલનારો સમાજ આગળ જતાં આધ્યાત્મિક સાધના-આરાધનાના શિખરે પહોંચે છે. જેના થકી સમગ્ર જીવનસૃષ્ટિ સુખ-શાંતિ સમતા અને સમાધિનો અનુભવ કરી આત્મિક શાંતિ પ્રાપ્ત કરવા સમર્થ બને છે.

આવા જ્ઞાની પુરૂષો અધૂરા ઘડા નહિ. પરંતુ જ્ઞાનથી છલોછલ ભરેલા દરિયા સમાન રહેલા છે. જેમાં અભિમાનનો એક અંશ પણ જોવા મળતો નથી. માતા સરસ્વતીની સાધના -આરાધના દ્વારા તેઓ મંત્ર-તંત્ર-જ્યોતિષ-ખગોળ, ભૂગોળ, વિજ્ઞાન, પર્યાવરણ, આરોગ્ય, સાહિત્ય, કલા આદિ વિષયોમાં પારંગત બની હંમેશા દુનિયાને સન્માર્ગ ચીંધતા રહ્યા છે. જ્ઞાનનો ભંડાર હોવા છતાં લવલેશ પણ અભિમાન, ઉધ્ધતાઈ અને દંભથી સદા પર રહેનાર આવા જ્ઞાની મહાપુરૂષોના જ્ઞાનથી જ ભારત આધ્યાત્મિક ક્ષેત્રની ઊંચાઈએ બિરાજી રહ્યું છે. આવા જ્ઞાની પુરૂષોના ચરણોમાં કોટિ કોટિ વંદન.

**(૯) સુપાત્ર અને અનુકંપા દાનમાં ઉપયોગી દૃષ્ટિ :** જૈનદર્શન જ એક એવું દર્શન છે જે સૂક્ષ્મ જીવોને પણ ઓળખી તેની દયા પાળવા માટે કટિબધ્ધ છે. જગતના અન્ય ધર્મોમાં મનુષ્યો પ્રત્યે કે અન્ય હાલતા-ચાલતા સજીવો પ્રત્યે અનુકંપા - કરૂણાદૃષ્ટિ દાખવવાનું કહેવામાં આવે છે. જ્યારે જૈન સંતો પૃથ્વી - પાણી - અગ્નિ - વાયુ અને વનસ્પતિના જીવોને અભયદાન આપે છે.

અભયદાન એ જૈન દર્શનનો પ્રાણ છે, પાયો છે. અહીં અભયદાન દ્વારા સંતો - સતીજીઓ છકાયના જીવોને અભયદાન આપે છે. શ્રાવક-શ્રાવિકાઓ પણ મર્યાદામાં રહીને છકાયના જીવોને અભયદાન આપવા તત્પર રહે છે. જેઓએ છકાયના જીવોનો આજીવન અભયદાન આપી પંચમહાવ્રતધારી, નિર્ગ્રંથ સાધુપણું સ્વીકાર્યું છે કે સાધ્વી બન્યા છે. તેવા સંતો સતીજીઓને સંયમના નિર્વાહ માટે પોતાના શરીરને સ્વાદ માટે નહિં પરંતુ ટકાવી રાખવા માટે જે દાન આપવામાં આવે છે તેને સુપાત્રદાન કહે છે.

ગરીબ રોગથી પીડિત જરૂરિયાતવાળા લોકોને, સ્વધર્મી બંધુઓને, લાચાર-ગરીબ મનુષ્યો પ્રત્યે અનુકંપા આવવાથી જે દાન કરાય છે તેને અનુકંપાદાન કહે છે. મહાપુરૂષો હંમેશા આ બંને દાન કઈ રીતે દેવા ? કોને દેવા ? કેટલા પ્રમાણમાં દેવા તેનું દિશાસૂચન કરી સમાજને કૃતાર્થ કરે છે.

જૈનોના દાન સમાજમાં ઠેર ઠેર જોવા મળે છે. પાંજરાપોળો, હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, સ્વધર્મી બંધુ સહાય યોજનાઓ વગેરે માં માતબર દાન દેવાવાળા શ્રીમંતો ઘણાં છે. આવા લોકોને દાન દેવામાં દિશાસૂચન કરનાર પણ સંત સતીજીઓ જ રહેલા છે. આ શ્રમણ સંસ્કૃતિને કારણે જ પૂર્વના દેશો દરેક ક્ષેત્રે આબાદ રહી શક્યા છે.

આવા નવ નવ પ્રકારના અમૃતકુંભો જેમના હૃદયકમળમાં સ્થિત થયેલા છે તેવા આ સંતોની શ્રમણ - સંસ્કૃતિના કેન્દ્રમાં ''સમતા'' રહેલી છે. આ સમતા ઉપાસકો એ જ શ્રમણ. સમત્વભાવના એ શ્રમણ પરંપરાના જૈનધર્મના પ્રાણ સ્વરૂપ છે. શ્રમણસાધના અતિ કઠોર હોય છે. એનું વિવેચન આચારાંગ સૂત્રમાં મળી આવે છે. શ્રમણ ભગવાન મહાવીરની સાધનાકાલીન તપસ્યાનું તેમાં સુંદર વર્ણન કરવામાં આવ્યું છે.

''देह दुखम् महाफलं'' અને
''मरना मंजूर लेकिन दोष लगाना मंजू
र नहिं''

જેવા સૂત્રોનું પ્રાણના ભોગે પાલન કરનારા શ્રમણો સમજે છે કે પોતે જે માર્ગ સ્વીકાર્યો છે. તે સહેલો નથી. પરંતુ તેની શ્રેષ્ઠતાને પણ તેઓ પિછાણે છે, એટલે જ સામાન્ય માનવીથી માંડી છ ખંડના ધણી ચક્રવર્તી જેવા મહારથીઓ એકસાથે ૧,૯૨,૦૦૦ સ્ત્રીઓનો સૂંવાળો સંસાર છોડી વીતરાગ માર્ગના પથિક બને છે. આ કોઈ જેવી તેવી વાત નથી.

ઉપરના સૂત્રોને જેમણે આત્મામાં આત્મસાત્ કર્યા છે તેના આધારે જૈન સંતો કેટકેટલા ઉપસર્ગ - પરિષહ જિનાજ્ઞાપાલન માટે અને કર્મોની નિર્જરા માટે સહન કરતાં હોય છે. શિયાળો હોય કે ઉનાળો, રેતી હોય, પથ્થર હોય કે કાંટાળો રસ્તો હોય. પાદવિહાર એ તેમના જીવનનું અભિન્ન અંગ છે. મોહનીયને જીતવા માટે સુંદર કેશનો લોચ, ગૌચરી, માન-અપમાન સહેવા, ધર્મવિરોધીઓ વચ્ચે પણ ખુમારીથી અડીખમ રહેવું એ જૈન શ્રમણની આગવી લાક્ષણિકતા છે. આથીજ ક્રોડો-અબજોના દાન દેતાં દાનવીરો કરતાં જીવમાત્રને અભયદાન દેનારા શ્રમણોનું સ્થાન ઘણું ઊંચું છે. આથી જ આવા સંતોનો પડ્યો બોલ જીલવામાં રાજા-રજવાડાઓ, સત્તાધીશો, ઉદ્યોગપતિઓ અને ધનકુબેરો પણ હોંશે હોંશે જોડાય છે.

**શ્રીમતી પારૂલબેન ભરતકુમાર ગાંધી** (એમ.એ.)
રાજકોટ - ફોન - ૦૨૮૧-૨૨૨૨૭૯૫

# ‘સાઠે બુદ્ધિ નાઠી’

સવારનો સૂરજ ઉગે એ પહેલા એક વયોવૃધ્ધ ડૉક્ટરને ત્યાં આવ્યા, ને ડોરબેલ વગાડી. ‘‘વહેલી સવારે કોણ આવ્યું હશે ?’’ ડૉક્ટરની વાઈફે દરવાજો ખોલ્યો. વયોવૃદ્ધ વ્યક્તિને જોતાં ડૉક્ટરના વાઈફે કહ્યું, ‘‘દાદા! અત્યારે વહેલી સવારે ?’’ વયોવૃધ્ધ બોલ્યા,‘‘ડૉક્ટર સાહેબ પાસે મારા અંગૂઠાના ટાંકા ખોલાવવા આવ્યો છું. મારે ૮.૩૦ વાગે તો બીજે પહોંચવાનું છે. એટલે જરા જલ્દી આવી ગયો છું. સોરી! ડૉક્ટર, પણ બીજે રાઈટ ટાઈમે પહોંચવું જ પડે એવું છે.’’ ડૉક્ટરે ઉંમરલાયક વયોવૃદ્ધને કહ્યું, ‘‘દાદા! કઈ વાંધો નહીં, બેસો.’’ ડૉક્ટર તો હજુ ઉઠ્યાં જ હતાં, ને દર્દી આવી ગયા. ડૉક્ટરે હાથ-મોં ધોયા ને કહ્યું, ‘‘દાદા બેસો. લાવો તમારો અંગુઠો.’’ ને ડૉક્ટરે ધીમે ધીમે પૂરી માવજત સાથે ટાંકા ખોલી નાખ્યા. ને કહ્યું, ‘‘દાદા ! મસ્ત, તમારો ઘા ઘણો બધો રૂઝાઈ ગયો છે. છતાં પટ્ટી લગાવી દઉં, જેથી ક્યાંય ઘસરકો ન વાગે.’’ ‘‘ટ્રીટમેન્ટ’’તો બધા જ ડૉક્ટરો કરે છે, પણ ‘‘ટ્રીટ’’ કરીને કરે ને, તેને સારવાર કહેવાય !

ડૉક્ટરે પટ્ટી લગાવીને કહ્યું, ‘‘દાદા! તમારે ક્યાં પહોંચવાનું છે? મોડું થઈ ગયું હોય તો મૂકી જાઉં?’’ ‘‘ના, ના ડૉક્ટર, હજુ તો ઘરે જઈશ. નાસ્તો તૈયાર કરીશ, પછી નીકળીશ. બરાબર ૯.૦૦ વાગે પહોંચી જઈશ.’’ ને વયોવૃદ્ધ દાદા ડૉક્ટરનો આભાર માની જવા માટે ઉભા થયા. ૧ મિનિટ બિલ લઈને ઉપચાર કરનારા તો ઘણાં ડોક્ટરો છે, પણ... દિલ દઈને સારવાર કરનારા ઓછા છે. છતાં...છે, છે, ને છે.

ત્યાં જ ડૉક્ટરની વાઈફે કહ્યું, ‘‘દાદા ! અહીં જ નાસ્તો કરી લો ને.’’ વયોવૃદ્ધ દાદા બોલ્યા, ‘‘ના, બેન ! ના. હું જો નાસ્તો અહીં કરી લઈશ, તો એને નાસ્તો કોણ કરાવશે ?’’ ડૉક્ટર કહે, ‘‘કોને કરાવવાનો છે ?’’ તે વખતે આ વયોવૃધ્ધ દાદા બોલ્યા, ‘‘ડૉક્ટર સાહેબ ! એ મારાં વગર ક્યાં રહે ? પણ... એની તબિયત બરાબર નથી. એ નર્સીંગ હોમમાં છે.’’

ડૉક્ટર બોલ્યા, ‘‘એમને શું તકલીફ છે ?’’ તે વખતે વયોવૃદ્ધ દાદા બોલ્યા, ‘‘ડૉક્ટર સાહેબ ! એને અલઝાઈમર થયો છે. એટલે એની યાદદાસ્ત ખલાશ થઈ ગઈ છે. છેલ્લા ૫ વર્ષથી એ મને’ય નથી ઓળખતી. હું જાઉં, એને મળું, એને હલાવું, એ શૂન્ય નજરે મને જુએ છે. હું એને માટે અજાણ્યો થઈ ગયો છું.’’ આટલું બોલતા દાદાની આંખો દદડવા માંડી. ડૉક્ટર અને એના પત્ની પણ રડી પડ્યાં.

યાદ રહે, પ્રેમ નિઃસ્વાર્થ હોય છે. પ્રેમ હૃદયી નીપજ છે. એ એક પખો, એટલે...એક પક્ષીય પણ નભે. પણ...પ્રેમ દુર્લભ છે. પણ...છે જરૂર. એક કાવ્ય પંક્તિ છે ને, ‘‘પ્રેમ ન હાટ બીકાય’’ પ્રેમ હાટડીઓમાં વેચાતો નથી મળતો. માર્કેટમાં વેચાય, એ તો મતલબ છે.


ડૉક્ટર ને એની પત્ની બોલ્યા,‘‘દાદા ! ૫-૫ વર્ષથી તમે રોજ નર્સીંગ હોમમાં નાસ્તો કરાવવાં જાઓ છો ? તમારી આ ઉંમર..., તમને થાક નથી લાગતો ? કંટાળો નથી આવતો ?’’ એ વખતે આ વયોવૃદ્ધ દાદા બોલ્યા,‘‘ડૉક્ટર સાહેબ ! એના સહારે તો જિંદગી જીવું છું. એને જોઉં છું, ને મારું મન ભરાઈ જાય છે. મને એની પાસે બેસું ને ઉર્જા આવી જાય છે. ડૉક્ટર સાહેબ એ ન હોત, તો હું’ય બીમાર પડી ખાટલે સૂતો હોત, આ તો એ છે, તો હું આટલો સ્ફૂર્તિમાં છું. એના હિસાબે તો સવારે વહેલો ઉઠું, તૈયાર થઈ જાઉં, કામે લાગી જાઉં. માત્ર એને મળવા જવાનો ને એની સાથે નાસ્તો કરવાનો આનંદ ડૉક્ટર જુદો જ છે. હું મારા હાથે એને ખવડાવું છું.’’

ડૉક્ટર બોલ્યા, ‘‘દાદા ! એક વાત પૂછું ?’’ ‘‘તે પૂછોને, ડૉક્ટર સાહેબ.’’ ‘‘દાદા ! તમે એને ઓળખો છો, પણ...એ તમને ઓળખતી નથી. નથી તમારી સામે બોલતી કે હસતી. તો’ય તમે એને મળવા જાઓ ?’’ તે વખતે વયોવૃદ્ધ જે બોલ્યા, તે શબ્દો, કદાચ...દુનિયાના સૌથી વધુ ભીના ને ભરેલા શબ્દો હશે. વયોવૃદ્ધ બોલ્યા, ‘‘ડૉક્ટર ! એ નથી જાણતી કે, હું કોણ છું. પણ... હું તો જાણું છું ને કે, એ કોણ છે !’’ને ગંગા-જમના ને સરસ્વતીના નીર ત્રણેની આંખોના કિનારા તોડી ઉભરાણાં.

કથા તો પૂરી કરીએ, પણ... પારિવારિક જીવનમાં સ્વાર્થ એ અભિશ્રાપ છે. ને પ્રેમ એ આશીર્વાદ છે. પ્રેમ ખૂટે, પછી જ પરિવાર તૂટે. ઘરમાં ઘરડા માં-બાપને પ્રેમ કરજો. ‘સાઠે બુદ્ધિ નાઠી’- એ કહેનારને આ કથા દસ વાર વંચાવજો. ‘એ નથી જાણતી હું કોણ છું, પણ...હું તો જાણું છું એ કોણ છે.’ આ કથા કદાચ... પરિવારને પ્રેમનો પારાવાર બનાવી જશે.

**અપને વો નહિ જો તસ્વીર મેં સાથ દીખે**
**અપને તો વો હે જો તકલીફ મેં સાથ દીખે**

# ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી



## સ્વ. શ્રી હરસુખલાલ અંદરજી કોરડીયા
**સ્વર્ગવાસ : તા.૧૦-૦૪-૨૦૨૦**

ભક્તિ તમે કરી, પુણ્ય સૌને મળ્યા
કર્મ તમે કર્યા, ફળ સૌને આપ્યા
સંઘર્ષ તમે કર્યો, સુખ સૌને આપ્યુ

આપવું એજ તમારો જીવન મંત્ર હતો
લઈ શું ગયા તમે આપી ગયા અમને સૌને

તમારા આર્શીવાદથી પરિવાર સુખી-સમૃધ્ધ થયો
મન હજું માનતું નથી કે તમો અમારી વચ્ચે હયાત નથી
હૃદયની લાગણી કહે છે તમો તો અમારી આસપાસ છો

આવા ઉત્તમ આત્માને પ્રભુ શાંતી અર્પે
આપની ખોટ અમોને સદાય રહેશે.

## સ્વ.કંચનબેન હરસુખલાલ અંદરજી કોરડીયા

**પુત્ર-પુત્રવધુ** : રાજેશ - ડોલી ❖ હિતેન - રીટા ❖ રોહિત - મીના
**પુત્રી** : નીલા ચંદ્રેશ શાહ
**પૌત્ર-પૌત્રી** : રીષભ - પ્રિયા ❖ જય ❖ જીનલ - હિલોની
ધૈર્ય - મૈત્રી ❖ આર્ચી
**દોહિત્ર-દોહિત્રી** : જીનાલી - હાર્દિક શાહ ❖ પીહુ ❖ રાહુલ

**લી. : અંદરજી પાનાચંદ કોરડીયા પરિવાર**

Kayami/April

## BIO-DATA



## KINJAL PRADEEP MEHTA

***PROFILE***

**Birth Date** : 12th Jan 1998
**Birthplace** : Mumbai
**Height** : 5.3 feet
**Weight** : 47 Kg
**Religion** : Shwetamber Murtipujak Jain
**Gyati** : Shri Sorath Visha Shrimali Jain
**Native** : Majevadi, Junagadh

***HOBBIES***

Reading, Mehndi Artist, Travelling

***QUALIFICATION***

Chartered Accountant, B.COM (N.M. College)

***PROFESSION***

Working as a Manager, Credit Risk Analyst with Yes Bank since 2 Yrs.

***FAMILY DETAILS***

**Father** : Pradeep Manilal Mehta (Retired, Assistant Manager with Union Bank of India)
**Contact** : +91-9930466670
**Email** : pradeepmehta1210@gmail.com
**Mother** : Arti Pradeep Mehta (Homemaker)
**Contact** : +91-8369148351
**Sibling** : None
**Grandfather** : Late. Manilal Zaverchand Mehta
**Grandmother** : Late. Prabhaben Manilal Mehta
**Mosal** : Nitinbhai Harsukhlal Mehta (Kandivali)

***ADDRESS***

**Permanent** : B-301, Anand CHS, Carter Road Number 4, Borivali East. Mumbai – 400066 (At present under redevelopment)
**Current** : B-701, Umang Bldg., Mathuradas Extension Road, Opp. Vijay Park, Kandivali West. Mumbai – 400 067.
**Reference** : Dr. Sudhir Jaysukhlal Amrutlal Mehta Cell No: 9820228212
**Reference** : Shri Kishorbhai Lalchand Ramani Cell No: 9321988373

## BIO-DATA



## YASH MEHTA

***Personal Information***

**Date of Birth** : 26th October 1995
**Place of Birth** : Kolkata
**Native Place** : Jamkandorana, Gujarat
**Religion** : Sorath Vishashrimali Deravasi Jain
**Height** : 5' 10"

***Education***

B.E. in Computer Engineering
Marwadi Institute, Rajkot

***Occupation***

Software Developer - Infosys Ltd. Pune

***Family***

**Mother** : Lata H. Mehta - Home Maker
M.: 9327526916
**Father** : Harshad P. Mehta - Service
Senior Manager Sanchan Textile Ltd.
M.: 9327925507
Email : ymehta2609@gmail.com
**Brother** : Shrey H. Mehta - Service
Marketing Executive - Tirupati Corporation
M.: 7878363830

***Immediate Family***

**Paternal** : Jamkandorana
**Grandfather** : Lt. Prabhulal G. Mehta
**Grandmother** : Lt. Prabhaben P. Mehta
**Uncles** : Satish P. Mehta - 9324982771
Harish P. Mehta - 9830018399
Kiran P. Mehta - 9820848729
Parimal P. Mehta - 9820653609
**Maternal** : Bhanavad
**Nani** : Lt. Savitaben R. Varia
**Nana** : Lt. Ratilal B. Varia
**Mama** : Lt. Arvind Varia
Bharat Varia - 9022142809
**Residence** : H-1, 901, Yogi Milan, Ring Road, Near Balaji Temple, Silvassa



**શ્રદ્ધાંજલિના સુમન**

**૬૯મી પુણ્યતિથિએ**

**સ્વ. ભગવાનજી ઝીણાભાઈ મહેતા**

**સ્વર્ગવાસ : વૈશાખ સુદ-૧૧ ગુરૂવાર તા.૧૩-૫-૧૯૫૪**

**પૂજ્ય પિતાશ્રી આપ અમારી સાથે નથી, પરંતુ આપની વ્હાલસોયી યાદોનો અખુટ ભંડાર અમારા હૃદયમાં ધબક્યા કરે છે. આપનું સિંહ સમુ વ્યક્તિત્વ, સદા હસતો ચહેરો, બધાને મદદરૂપ થવની ભાવના, ઉદારતા, નીડરતા ને આપના પ્રેમભર્યા સાન્નિધ્યમાં અનુભવી હતી.**

**એ હૂંફ, એ ઉષ્મા... આપની સાથે વિતાવ્યો હતો**
**એ સમય... એ જીંદગી.... એ બધું અકબંધ રહું છે...**
**બસ કાંઈક ખૂટે છે તો એ છે તમારૂં સાન્નિધ્ય, તમારો એ સાદ,**
**તમારો એ વ્હાલ.....**

**આપ જ્યાં હો ત્યાંથી હંમેશા વરસાવતા રહેજો અમોને આશીર્વાદ.**

**પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ આપે તે જ પ્રાર્થના....**


**:: અહર્નિશ વંદન ::**

| | | |
|---|---|---|
| **પુત્ર તથા પુત્રવધુ** | : | વિનોદ-નયના |
| **પૌત્ર-પૌત્રવધૂ** | : | આશિષ-ચાંદની |
| **પૌત્રી-જમાઈ** | : | સોનલ-વિશાલ |
| **પ્રપૌત્રી-પ્રપૌત્ર** | : | વિયોના, માહિત |
| **દોહિત્ર** | : | ક્રિશ |
| **પુત્ર-પુત્રવધૂ** | : | સુરેશ-જયશ્રી |
| **પૌત્ર-પૌત્રવધૂ** | : | ભાવીન-કિંજલ |
| **પૌત્ર-પૌત્રવધૂ** | : | જીમીત-કૃપા |
| **પ્રપૌત્ર-પ્રપૌત્રી** | : | રિયાન-વિયા |
| **બહેન** | : | પુષ્પાબેન નવનીતલાલ વસા |

**તથા સમસ્ત મહેતા પરિવારના સર્વેની ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી**

Kayami - May

## આપણા સમાજનું ગૌરવ




ખારચીયા નિવાસી હાલ કાંદિવલી (વેસ્ટ) શ્રી જયંતભાઈ નિહાલચંદ શાહના પ્રપૌત્ર ચી. તનય સુશીલભાઈ શાહ ICSE બોર્ડની પરીક્ષામાં ભારતભરમાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થઈને તેમના કુટુંબ તથા સમગ્ર સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજનું નામ રોશન કરેલ છે. આપણા સમાજમાં આ પહેલવેલો વિદ્યાર્થી હશે કે જેમને ઓલ ઈન્ડિયા સ્તર પર પ્રથમ ક્રમાંકે રેન્ક પ્રાપ્ત કરી છે. ચી. તનયને કુલ ૫૦૦ ગુણમાંથી ૪૯૯ ગુણ પ્રાપ્ત થયા છે અને (૯૯.૮%) મેળવ્યા છે. ચી. તનયે કાંદિવલીની કપોલ વિદ્યાનિધિ ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરી આ જ્વલંત સફળતા પ્રાપ્ત કરી છે. ચી. તનય ભણતર ઉપરાંત એક્સટ્રા curricular activities માં પણ ખુબ રૂચિ ધરાવે છે. રમત ગમત ને બેડમિન્ટન, ટેબલ ટેનિસ, બોર્ડ ગેમ રમવાનો શોખ છે. ચી.તનય શરૂઆતથી તેની સ્કૂલમાં ટોપર રહ્યો હતો. ચી.તનય તેની શાળામાં દરેક શિક્ષકનો પ્રિય વિદ્યાર્થી છે અને કાયમ માટે રહેશે. ચી. તનયને આગળ જતા કોમર્સ ક્ષેત્રમાં ૧૨માં ધોરણ પછી C.A. અને M.B.A. માટેના અભ્યાસ માટેનો પ્લાનિંગ કરી રહ્યો છે.

આવતા વર્ષોમાં બોર્ડ પરીક્ષા દેનાર વિદ્યાર્થીઓને માટે તનયે એક ખાસ મેસેજ છે કે **"Doubt પૂછતાં કદી પણ અચકાવું નહિ. જે ન સમજ આવે અને તેનું નિરાકરણ કરવું''** તેજ આપણી પહેલી પરીક્ષા છે.

એમ. કોમ. થયેલ અને ફેશન ડિઝાઈનીંગ (લગ્ન પહેલા M.N.C કમ્પનીમાં કામ કરતા) ચી. તનયની મમ્મી શ્રીમતી નેહા સુશીલ શાહ હાલમાં પુરા પરિવારની ગૃહકાર્યની જવાબદારી નિભાવી રહ્યા છે.

ચી.તનયના પપ્પા શ્રી સુશીલ જયંત શાહ M.B.A. (માર્કેટિંગ એન્ડ ફાઈનાન્સ), B.E. Mechanical વ્યવસાયે Senior Vice President તરીકે HSBC Iindia માં સારી જોબ ધરાવે છે. ચી. તનયના દાદા શ્રી જયંતભાઈ (B.A. Hons) હાલમાં રિટાયર્ડ મેનેજર, From બેંક ઓફ બરોડા અને દાદી શ્રીમતી આરતીબેન (હોમ મેકર) હમેશા ચી.તનયને Support કરતા હતા. આખું ફેમિલી વેલ Educated હોવાથી તેઓ તનયને તેના ભણતરમાં હંમેશા મદદરૂપ થઈ અને તનયની હર પ્રકારે સહાયતા કરતા હતા.

ચી.તનયને મળેલી અભૂતપૂર્વ જ્વલંત ઝળહળતી સફળતા માટે શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ-મુંબઈના પ્રમુખ શ્રી કિરીટભાઈ પ્રભુદાસ મહેતા તેમજ સમાજના તમામ કારોબારી કમિટીના સભ્યો ખુબજ આનંદ અને ગર્વ અનુભવે છે અને ચી. તનયને હાર્દિક અભિનંદન તેમજ આગળના અભ્યાસ ક્રમ તેમજ તેની કારકિર્દી માટે હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

## નવા સરનામા

**VIRENDRA GIRDHARLAL VASA.**
A-5101, MARQUISE TOWER,
LODHA PARK, P B MARG, WORLI,
MUMBAI-400 013. (MAHARASHTRA)
Mo.: 9820069193

**KIRIT KANTILAL SHAH**
304-MADHAV APARTMENT, KASTUR PARK,
SIMPOLI ROAD, OPP.SATRA PARK,
ABOVE PARICHAY SHOWROOM,
BORIVALI (WEST), MUMBAI 400 092.
Mo: 9821468066

**DILIP MAHASUKHRAI DOSHI**
B-501, GOLDEN LAKE RESIDENCY,
B/H PANCHAMRUT APT,
JALARAM SOCIETY,
JUNAGHADH - 362001 (GUJARAT)
Mo.: 9427684081

**KIRITKUMAR A MEHTA**
802-CORAL, MAHAVIR KALPA VRUKSH,
GHODBUNDER ROAD,
B/H HYYPERCITY MALL, THANE (WEST).
MAHARASHTRA- 400615
Mo.: 9969551688

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

## સમાજને ભેટ

રૂા.૫૦૦/- શ્રી યોગેશભાઈ ઝવેરીલાલ કોરડીયા તરફથી શ્રીમતી મીનાબેન યોગેશભાઈ કોરડીયાન ઉપધાન પ્રસંગે

રૂા.૨૫૦/- શ્રી અશ્વિનભાઈ અમરચંદ શેઠ તરફથી પ્રજ્ઞાબેનના આત્મશ્રેયાર્થે

**મુખપત્રને ભેટ**

રૂા.૨૫૦/- શ્રી અશ્વિનભાઈ અમરચંદ શેઠ તરફથી પ્રજ્ઞાબેનના આત્મશ્રેયાથ

## સુધારો

**ડૉ.શાંતિલાલ રતિલાલ કોરડીયા મેડિકલ સહાય**

રૂા.૨૦૦૦૦/- શ્રી વસંતલાલ છગનલાલ કોરડીયા તરફથી નર્મદાબેન છગનલાલ કોરડીયાના આત્મશ્રેયાર્થે

## ૨૮મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



### સ્વ. દિવાળીબેન ન્યાલચંદ પારેખ

**દેહવિલય : તા.૧૬-૫-૧૯૯૫**

**જીવનમાં સુવાસ, પ્રભુમાં વિશ્વાસ, આંખમાં અમી, દરિયા જેવું દિલ,**
**મીઠી વાણી, સ્નેહની સરવાણી, સરળ અને મિલનસાર સ્વભાવ**
**વ્યવહારિક સુજ અને બીજાને ઉપયોગી થવાની ભાવનાવાળા,**
**સુખને છલકાવ્યું નહિ, દુઃખને દેખાડ્યું નહિ, હસતો રાખી ચહેરો,**
**કાયમી લીધી વિદાય અને મૃત્યુને પણ કર્યું અમર.**

**હે પરમ કૃપાળુ પરમાત્મા, સદ્ગતના આત્માને શાશ્વત સુખ આપજો તેવી પ્રાર્થના**

**પુત્ર તથા પુત્રવધુ** : રમણિકલાલ-મંગળાબેન, પ્રાણલાલ-રમીલાબેન, અરવિંદભાઈ-મૃદુલાબેન
ધીરજલાલ-ઉષાબેન, ચંદ્રકાંત-હંસાબેન, જગદીશ-સોનલબેન

**દીકરી-જમાઈ** : સરોજબેન - રસીકલાલ

**પૌત્ર-પૌત્રવધુ** : નીલેશ-ભાવના, રાજેશ-જલ્પા, નીરવ-ખ્યાતી, સચિન-રીના,
પરાગ-શ્રદ્ધા, તેજસ-અલ્પા, જીમિત

**દોહિત્ર-દોહિત્રવધુ** : સંજય-પારુલ, હેમાંશુ-એકતા

**દોહિત્રી જમાઈ** : સંગીતા-કિરણકુમાર, વિલ્પા-હિતેશકુમાર

**દોહિત્ર જમાઈ** : તરુણા-મુકેશકુમાર, નીલ્પા-નિકુંજકુમાર, હેતલ-દેવાંગકુમાર
વિશાખા-પલ્લવકુમાર, વૈશાલી-ચિરાગકુમાર, અલ્કા-ચિરાગકુમાર
સપના-વિરલકુમાર, ભાવના-પ્રશાંતકુમાર

૨૦૫, ન્યુ કમલા પાર્ક, બી-૨, ૬૦ ફૂટ રોડ, ભાયંદર (વેસ્ટ) ૪૦૧૧૦૧

Kayami - May

# ''સંવેદનાના સ્પંદનો''

સ્મિતા જોતો પેલો પાલાબરણી વાળો નીકળ્યો લાગે છે. તેને બોલાવ મારે તેનું કામ છે. હવે તમે પણ શું ? ઘર માં છે એટલા વાસણ વપરાતા નથી છોકરાઓ વિદેશ અને છોકરી પરણી સાસરે જતી રહી, વધ્યા નવરા તમે અને હું... તમારે જુના કપડાં સામે વાસણ લઈ કરવું છે શું હવે ?

મેં ભીની આંખે કીધું સ્મિતા તને કહું એટલું કર તેને બોલાવ. સ્મિતાએ બૂમ મારી પાલા બરણી વાળાને ઘરમાં બોલાવ્યો. એ ભાઈ ઘરમાં આવ્યા. માથેથી વાસણ ભરેલ સુંડલો નીચે ઉતારી બોલ્યો. કાકા બોલો. ભીની આંખે હસી મેં કીધું બેટા ભીની અને તરછોડાયેલ લાગણીઓના બદલામાં વાસણ આપો છો ? પાલા બરણી વાળો મારી સામે જોઈ રહ્યો. મેં કીધું ભાઈ તારું નામ એ બોલ્યો જ્ઞાનચંદ મેં કીધું જ્ઞાનચંદ ચા-કોફી પાણી નાસ્તો શું ફાવશે ?

જ્ઞાનચંદ ભીની આંખે બોલ્યો સાહેબ ગરીબ વ્યક્તિને પસંદગી જેવું ન હોય એ તો લાગણી જુએ ત્યાં ભીનો થઈ જાય. મારા જીવનમાં એક વ્યક્તિ તમે પહેલા નીકળ્યા કે સામેથી પૂછ્યું. ગરમી છે ઠંડુ પાણી આપશો તો આભાર. મેં સ્મિતાને લીંબુ પાણી બનાવવા કીધું જ્ઞાનચંદ બોલ્યો કાકા બોલો તમારી શું સેવા કરું ? બેટા લાગણીઓનો વ્યાપાર કરે છે ? આ ધંધો છોડી જૂની લાગણીઓ સામે નવી લાગણીઓ આપવાનું ચાલુ કર. ધંધો સારો ચાલશે. અરે કાકા તમે પણ મજાકીયા લાગો છો લ્યો.. ત્યારે જુના કપડાં બતાવો એટલે વાસણ બતાવું. જ્ઞાનચંદ બોલ્યો હું ઉભો થયો રૂમમાં ગયો થોડી વાર પછી બેગ સાથે બહાર આવ્યો અને બેગમાંથી મારા જુના પણ નવા જ કપડાં એની સામે મૂકી દીધું. લે બેટા તારા માટે છે હવે હું આ કપડા પહેરવાનો નથી. નિવૃત્ત વ્યક્તિને આ કપડાંનું શું કામ ? હવે તો લેંઘો ઝભ્ભો મારો પોશાક થઈ ગયો છે. જ્ઞાનચંદ બોલ્યો, સાહેબ તમારા કપડાં ખૂબ કિંમતી છે. તેને લાયક મારી પાસે કોઈ વાસણ નથી. અરે બેટા મારે થોડા વાસણ જોઈએ છે ? વાસણ તો જરૂરી રાખી બીજા બધા માળિયે ચઢાવી દીધા. હવે ક્યાં કોઈ પાસે ઘરે આવવાનો કે બોલાવવાનો સમય છે. બહુ ઈચ્છા થાય તો સીધા હોટલનું સરનામું આપી જમાડી હાથ જોડી વિદાય કરે છે. તને નથી લાગતું ધીરે ધીરે લોકો લાગણી વગરના થતા જાય છે ? સ્મિતા લીંબુ પાણી લઈ આવી તેને અમારી વાતોમાં મજા આવી એટલે એ સોફા ઉપર બેઠી અમારી વાતો ધ્યાનથી સાંભળવા લાગી. હવે જ્ઞાનચંદ થોડો આરામથી બેઠો અને બોલ્યો કાકા, કપડાંથી ઓળખે છે દુનિયા, ને પૈસાથી તોલાતું માણસપણું. લાગણી રડતી રહી બહારમાં અને જૂઠું હાસ્ય લાખોમાં વેચાણું. પ્રેમ કે લાગણી આપવાનો શોખ ના રાખશો કાકા. આમાં શ્વાસ આવતો નથી અને જીવ જતો નથી.

લાગણીઓની કીંમત એ જ કરી શકે જેણે કોઈને લાગણી આપી હોય. નાહકના વેવલા થવું નહિ મફતમાં મળતી સલાહ કે પ્રયત્ન વગર મળતો પ્રેમ, સિદ્ધિ કે ધન દોલતની કિંમત સંસારને હોતી નથી. જ્ઞાનચંદ હસીને બોલ્યો, કાકા તમે લાગણીની વાત કરી રહ્યા છો ? એક સમયે સ્ટેશને મુકવા જતાંય ભીની થતી આંખો. હવે સ્મશાનમાં પણ કોરી જ હોય છે..!! મેં સ્મિતા સામે જોયું. તેની આંખો ભીની હતી. જો કે મારી પણ એ જ દશા હતી. મેં કીધું જ્ઞાનચંદ, તારામાં નામ તેવા ગુણ છે. કાકા, અંતમાં એટલું કહું, જેટલું જીવન ઈશ્વરે જે પરિસ્થિતિમાં આપ્યું છે એ આનંદથી જીવી લેવું. દરેક વ્યક્તિના ઈચ્છા પ્રમાણે જીવન નથી મળતું. એટલે જ દરેક વ્યક્તિએ પોતાની લડાઈ જાતે જ લડવાની આદત પાડવી પડે છે. કોઈનો હાથ અને સાથ કેટલો સમય ? અને હા મોતથી તો કાકા ગભરાવું જ નહીં. જાણીતા ગુજરાતી અને ઉર્દુ ગઝલકાર, કવિ ખલીલ ધનતેજવીનું જાણીતો શેર તમે સાંભળ્યો છે ?

''ખલીલ'', આ મહેફિલોમાં કાલ હું આવું કે ના આવું,
ફરક શું પડશે કોઈના અહીં હોવા ના હોવાથી
''હું ખલીલ આજે મર્યો છું, એ પ્રથમ ઘટના નથી,
જિંદગીભર હપ્તે હપ્તે રોજ ચુકવાયો હતો''
જીંદગી તારાથી હું થાક્યો નથી, જો તું થાકી જાય તો કે'જે મને..!!
કહી દો મોત ને કે ધાકમાં લેવાનું રેહવા દે
હું એનાથી અધરી જિંદગી જીવી ગયો છું.

મે કીધું વાહ દોસ્ત વાહ... તેં તો જીવન જીવવા માટે અમને ટોનિક આપી દીધું. જે ટોનિક મને કોઈ આશ્રમ કે કોઈ સાધુ સંત પાસેથી ન મળ્યું એ તારી પાસેથી મળ્યું. કાકા તેનું કારણ છે. તે લોકો સંસાર છોડી સંસારીને સલાહ આપે છે. જ્યારે હું સંસારમાં રહી સંસારીને સલાહ આપું છું. હું સંસારીઓની તકલીફ સમજુ છું. સલામત જગ્યાએ બેસી યુદ્ધ માટે માર્ગદર્શન આપવું અને રણમેદાન વચ્ચે ઉભા રહી યુદ્ધ માટે માર્ગદર્શન આપવામાં આભ જમીનનો કેર હોય છે. વાત તો તારી સાચી છે જ્ઞાનચંદ... જેમને પરિવાર જ નથી તેને પરિવારની જરૂરિયાત અને આખર તારીખ કે મોંઘવારી સાથે શું મતલબ હોય ?

જ્ઞાનચંદે લીંબુ પાણી પીધું પછી બોલ્યો, કાકા આ મતલબી, સ્વાર્થી દુનિયામાં કોઈ પ્રેમથી બેસાડી પાણી પીવડાવે તો તેનો પણ આભાર માનવું ભુલાય નહિં. તે હાથ જોડી બોલ્યો તમારા બન્નેનો ખૂબ આભાર. તમે મારી લાગણીઓને પણ જાગૃત કરી વાચા આપી મને સાંભળ્યો એ બદલ પણ તમારો આભાર.

સ્મિતા બોલી તમારી પત્ની સાડી પહેરતી હોય તો મારી સાડીઓ આપું. જ્ઞાનચંદ બોલ્યો... બેન, બે નાના છોકરા મૂકી મારી પત્ની ભાગી ગઈ પછી મેં ફરી લગ્ન કર્યા નથી. ઘણી વખત પ્રેમ અને લાગણીઓ ઉપર આ કારણથી લોકોને નફરત થઈ જાય છે દરેકના નસીબ કાકા. લ્યો કાકા ત્યારેમ ખૂબ આનંદ થયો તમારી સાથે વાતો કરવાનો. આ મારો મોબાઈલ નંબર છે હું દર રવિવારે અમારી જ્ઞાતિ તથા અન્ય લોકો જે જિંદગીથી હિંમત હારી ગયા છે તેને જ્ઞાન આપું છું. જ્ઞાનચંદ બોલ્યો. હું જ્ઞાનચંદ સામે જોતો રહ્યો. એક આમ આદમીના પહેરવેશમાં પણ જ્ઞાનનો ભંડાર એ પીરસી રહ્યો હતો.

મેં કીધું જ્ઞાનચંદ, આ મારા કપડાં લેતો જા. એ બોલ્યો ના કાકા હું જ્યાં પણ જાઉં છું કંઈક મૂકી ઉભો થાઉં છું. મફતમાં લેવાની ભાવના વ્યક્તિના વ્યક્તિત્વને ઝાંખપ લગાડે છે. ખાવા બે રોટી, ઊંઘવા ઓટલો, પહેરવા બે જોડી કપડાંની જરૂરિયાત હોવા છતાં માણસ માણસાઈ ભૂલી ગરીબ વ્યક્તિની થાળીનું પણ ઝૂંટવી રહ્યો છે. કાકા ઘણી વખત રૂપિયાના ઢગલા ઉપર પણ ઊંઘની હડતાલ હોય છે. અને ક્યારેક માટીના ઓટલા પર ઊંઘ મહેરબાન હોય છે.

ઈશ્વરે આપેલી સુખના સરોવર છલકાવતી પ્રત્યેક ક્ષણને, આપણે ક્ષુલ્લક વાતોના ઝંઝાવાતોમાં વેડફી મારીએ છીએ. ''લાગણી'' અને ''લાપસી'' સામેવાળાની પાચન ક્ષમતાને જાણ્યા વગર પીરસવાની ભૂલ ના કરતા કાકા. લ્યો ત્યારે જય શ્રી કૃષ્ણ કહી જ્ઞાનચંદ જ્ઞાન અમને જ્ઞાન આપી ઉભો થયો. હિંમત હારેલ હું અને સ્મિતામાં ફરી જીવન જીવવાનો નવો સંચાર થયો. એક મુરઝાયેલ છોડ ઉપર ફરી પાણીનો છંટકાવ કરી જ્ઞાનચંદ ઉભો થયો મિત્રો જીવન પણ એક પરીક્ષા જ છે.

જિંદગી પરીક્ષા લે છે સબંધીઓ પેપર ચેક કરે અને સમાજ રિઝલ્ટ આપે છે. બસ રિઝલ્ટ સ્વીકારવું કે ન સ્વીકારવું એ આપણી ઉપર આધાર રાખે છે. આપણા વાસે હાથ ફેરવનાર દરેક લાગણીશીલ વ્યક્તિ નથી હોતી. કોઈ વખત શકુની તો કોઈ વખત મંથરા પણ વાસે હાથ ફેરવી જિંદગીની અંગત વાતો કઢાવી જાય છે.

## ભાવભરી શ્રધ્ધાંજલિ



### અ.સૌ.દક્ષાબેન કાંતિલાલ શાહ

**જન્મ : તા.૮-૧-૧૯૪૯**

**સ્વર્ગવાસ : તા.૨૦-૫-૨૦૦૯**



**સુખને છલકાવ્યું નહીં, દુઃખને દેખાડ્યું નહીં.**
**જીવન તમે એવું જીવ્યા ભુલ્યું ભુલાય નહીં,**
**સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે,**
**વસ્યા છો દૂર છતાં કૃપા આપની વરસતી રહેશે.**

**લિ.**

**શ્રી કાંતિલાલ અમૃતલાલ શાહ પરિવાર**

**પ.પૂ.સાધ્વીજી દિવ્યાનંદ મ.સા.**

**પુત્ર :** અમિત ❖ **પુત્રવધૂ :** પૂજા ❖ **પૌત્ર :** પ્રથમ, અંશ

**પુત્ર :** દિવેશ ❖ **પુત્રવધૂ :** કિંજલ

**પુત્રી :** ગીતા ❖ **જમાઈ :** મુકેશકુમાર ❖ **દોહીત્ર :** સિદ્ધાર્થ

**નણંદ- નણંદોઈ :** સ્વ. કમળાબેન તલકચંદ વસા

સ્વ. મંજુબેન વિઠ્ઠલદાસ દોશી, સ્વ. રંજનબેન છબીલદાસ વસા

**બેન-બનેવી :** આશાબેન ઉપેન્દ્રકુમાર મહેતા, સ્વ.મીનાબેન વિનોદકુમાર શાહ,

સ્વ.ચંદ્રિકબેન રજનીકાંત શાહ, સ્વ.ઈલાબેન રતીલાલ શાહ

**ભત્રીજા :** સ્વ. નિખીલભાઈ ❖ **ભત્રીજાવહુ :** જાગૃતિબેન

**પૌત્રી :** વિધી ❖ **પૌત્ર :** કરણ

**પિતાશ્રી :** જયંતીલાલ ગિરધરલાલ શાહ

**ભાઈ :** ભીખુભાઈ ❖ **ભાભી :** ભારતીબેન

**સ્નેહીજનો તથા સમસ્ત શાહ પરિવાર**

Kayami - May

## જનની જોડ મારી માં

# માં એટલે શું??...

દાદાભાઈ નવરોજજીએ કહેલું : 'મારી માતાએ મારા પર નજર રાખીને મને મારા ખરાબ મિત્રોના દુષ્પ્રભાવથી બચાવ્યો હતો!' (કાશ દાઉદ ઈબ્રાહિમ કે ઓસામા બિન લાદેનને પણ એવી એકાદ મા મળી ગઈ હોત!) જો કે ન્યાય ખાતર સ્વીકારવું રહ્યું કે દુનિયાની કોઈ મા રેડીમેડ રાવણો, દુર્યોધનો કે શકુનિઓને જન્મ આપતી નથી. દરેક માતાને કૂખે પહેલા એક માસૂમ બાળક જન્મતું હોય છે. સંજોગો એને રાવણ કે વિભીષણ બનાવી દે છે. ટોલ્સટૉયે કહેલું : 'સ્ત્રી બદસૂરત હોઈ શકે, મા તો હંમેશાં સુંદર જ હોય...!' કેમ કે સ્ત્રીનું સૌંદર્ય વયલક્ષી હોય છે પણ માતાનું સૌંદર્ય વાત્સલ્યલક્ષી હોય છે.



વાત્સલ્યને કદી વૃદ્ધાવસ્થા આવતી નથી. માતૃત્વને કદી પાનખર નડતી નથી. (*Mother is evergreen garden of human resort*) એક વાર હરીન્દ્ર દવેએ મા શબ્દની ઉત્પત્તિ વિશે સુંદર પ્રશ્ન ઉઠાવ્યો હતો. સૌ પ્રથમ મા શબ્દ ક્યારે ઉચ્ચારાયો હશે ? પહેલ વહેલું ફૂલ ક્યારે ખીલ્યું હશે ? પહેલ વહેલું સ્મિત ક્યારે પ્રગટ્યું હશે ? એ પ્રશ્નોનો ઉત્તર આપી શકીએ તો મા શબ્દ પહેલી વાર કોણે ઉચ્ચાર્યો હશે તેના સગડ મળી શકે. ઉમાશંકર જોષીએ પણ કંઈક એ મતલબનું જ કહ્યું છે. માતાના પ્રેમને ઋણ ગણીને રૂપિયા-પૈસામાં હિસાબ માંડવામાં આવે અને ભગવાન દુનિયાની દરેક માતાઓનું ઋણ ચૂકવવાનું બીડું ઝડપે તો ભગવાનનું પણ દેવાળું નીકળી જાય!

મા અને સંતાન વચ્ચેનો પ્રેમ કેવો હોય ? પાણીનો એક નળ ચાલુ છે. એમાંથી અસ્ખલિત જળધારા વહે છે. એની નીચે ખોબો ધરી એક બાળક પાણી પી રહ્યું છે. બાળકની તૃષા તૃપ્ત થઈ જાય છે પણ પેલો નળ પાણી આપવાનું બંધ નથી કરતો. મા અને બાળક વચ્ચે આવો સ્નેહ સંબંધ હોય છે. (કવિ બોટાદકરે એ વાત ખૂબ સુંદર રીતે સમજાવી છે. જમનાના નીર તો વધે ઘટે રે લોલ, સરખો એ પ્રેમનો પ્રવાહ રે ! જનનીની જોડ સખી નહીં જડે રે લોલ ! મારા વિશે બરકત વિરાણીએ ઉમાશંકર જોષી જેવી જ અનુભૂતિ વ્યક્ત કરી છે. કવિ કહે છેઃ મા ઉદરમાં ૯ મહિના બાળકનો ભાર વેઠે છે. માત્ર એ ૯ મહિનાનો હિસાબ આપવા બેસું તો મારા ૯૦ વર્ષ પણ કાંઈ વિસાતમાં નથી!

એક સંતને કોઈએ પૂછ્યું : મા એટલે શું ? સંત કાંઈ બોલ્યા નહીં, પણ એકાએક ગંભીર બની ગયા. એમની આંખોમાં આંસુ આવી ગયા. એમણે કહ્યું : હું જન્મથી અંધ છું. મેં માને કદી જોઈ નથી પણ લાગણીથી અનેક વાર અનુભવી છે. મારો બાપ મારી પાસે ભીખ મંગાવતો. મને તે ગમતું નહોતું. રાત્રે તે દારૂ પીને મને ચાબૂક મારતો. મારી મા મારી આગળ ઉભી રહી જતી અને બધા ચાબૂક એ સહી લેતી. માના દેહમાંથી લોહી નીકળતું. મારી મા હવે દુનિયામાં રહી નથી પણ મને એટલું સમજાયું છે કે દીકરાની પીઠ પર પડતા ચાબૂક પોતાના દેહ પર ઝીલી લે એને મા કહેવાય!

શ્રી હરીન્દ્ર દવેએ એક સુંદર પ્રસંગ નોંધ્યો છે - એકવાર એક મા - દીકરા વચ્ચે ઝઘડો થયો. દીકરાએ કહ્યું : મા, તે મને મોટો કર્યો એ ઉપકારનો બદલો હું ચૂકવવા માગું છું. બોલ, મારી પાછળ તે કેટલો ખર્ચ કર્યો ? કેટલા મારાં કપડાં પાછળ ખર્ચ્યા ? કેટલા મારા જમવા પાછળ ખર્ચ્યા અને કેટલા દવાદારૂમાં ગયા? બધું લખાવ. હું વ્યાજ સાથે તને ચૂકતે કરી દઈશ! માએ કહ્યું : લખાવું તો ખરી પણ કઈ મિનિટથી લખાવું. પહેલે દિવસે મેં તને છાતીએ વળગાડી દૂધ પાયુ. પછી તને ખોળામાં લઈ તારી સામે જોઈ હરખના આંસુ સાર્યા હતા. બોલ એ દૂધ કેટલા રૂપિયે લીટર લખીશ અને આંસુના ટીપાની શી કિંમત માંડીશ? ક્યા કોમ્પ્યુટર પર એનો હિસાબ ગણીશ ? પ્રત્યેક ટીપાનો કેટલો ભાવ મૂકીશ ? પુત્રનો બધો રોષ ઊતરી ગયો. એણે માના ખભે માથું મૂકી, ગદગદ થઈ કહ્યું : મા, મને માફ કર. મારાથી ગુસ્સામાં બોલાઈ ગયું !

વર્ષો પૂર્વે 'દાદીમા' ફિલ્મ જોઈ હતી. એમાંના એક ગીતના શબ્દો હતા : 'ઉસકો તો નહીં દેખા હમને મગર પર ઉસકી જરૂરત ક્યા હોગી? એ મા તેરી સૂરત સે અલગ ભગવાન કી સૂરત ક્યા હોગી?' માનો પ્રેમ મહાન હોય છે. મા સંસારનું એક માત્ર પવિત્ર વાત્સલ્યધામ છે, જેના વિના ધરતી પર એક પણ મહાપુરૂષનું અવતરણ શક્ય ન હતું. લોકસાહિત્યમાં પણ માતા માટે કહેવાયું છે :

## ધૂપછાંવ

મોટું તીરથ માવતરનું. ઈ છે જનમના ઝાડ, ગુણ ભૂલમાં
ગાંડિયા, જેણે નવ માસ ઉપાડ્યો ભાર.
ચરણ ધોઈ એના ચરણામૃત લઈએ.
એ દેવીને કોઈ દુઃખના દઈએ.
પ્રભુ, માનું હું તારો મોટો પાડ,
ઉપાડ્યા જેણે મુજ કાહે દુઃખના પહાડ!

- દિનેશ પંચાલ

લેખક શ્રી દિનેશભાઈ પંચાલના ''મા'' પરના ઉપરોક્ત લેખમાં જે વિચારો રજુ થયા છે તે ખરેખર દિલમાં ઉતારવા જેવા છે. એ લેખના મનન પછી મને થયું કે મારા હૃદયમાં જે પ્રતિભાવ જાગ્યા છે તે શબ્દો દ્વારા વ્યક્ત કરૂં છું.

આપણું અસ્તિત્વ આપણા માતા અને પિતા થકીજ ઓળખાય છે. માતા પિતાની દિલથી કરેલી સેવાની સામે દરેક ક્રિયા ઝાંખી પડે છે. માતા અને પિતાની દિલથી ભક્તિ કરશો ને તો જન્મો જન્મ તમને કોઈ પણ જાતની તકલીફ આવવાની જ નથી અને તકલીફ આવશે તો હળવી બનીને ટળી જશે. માતા અને પિતાએ દરેક બલિદાન આપીને આપણને દરેક સંજોગ તેમની ફરજ સમજીને નિભાવ્યા. આપણે કરેલી ભૂલો તેમણે આપણે માથે હાથ ફેરવીને, પ્રેમથી સમજાવીને આપણે કરેલી ભૂલનું પ્રાયશ્ચિત કરાવ્યું. પોતે ભૂખ્યા રહીને આપણું પેટ ભર્યું. આપણી દરેક જરૂરિયાત પુરી થાય તેના બનતા નમ્ર પ્રયાસ કર્યા.

તે માતા પિતાને અગર જો કોઈ સંતાન ન સાચવી શકે તો તે માં-બાપની કમ-નસીબી નહિં તો શું ? હે માત-પિતા ભવોભવ આપની સેવા કરવાની દરેક તક મળે અને કર્મના સિદ્ધાંત ને આધારે કદાચ તમારા ઉપર આવતા અશાતાવેદનીય કર્મમાં હું તેમને શાતાવેદનીય કર્મની શીતળતા આપીને તમને ઠંડક પહોંચાડી શકું તેનાથી વિશેષ મારે કઈ ન જોવે.

માતા અને પિતાની ભક્તિની સામે દુનિયાનો કોઈ પણ ધર્મ ઉચ્ચ નથી. આપણે આ બધું જાણીયે છે છતાં આપણે આંખ આડા કાન કરીયે છે. જાગો સંતાનો જાગો. આપણે આપણા વડીલોની સેવા કરશું તો કદાચ આપણા સંતાનોને આ સારા સાચા સંસ્કાર વારસામાં મળશે અને પેઢી દર પેઢી આ સારા સંસ્કાર રહેશે અને ટકી રહેશે.

તા.ક. : સો./વિ.ના સર્વે વાંચકોને નમ્ર વિનંતી કે તમે પણ તમારા પ્રતીભાવ લખી મોકલો તો તે પ્રસિધ્ધ કરતા અમને આનંદ થશે.

દા.ત. : આ કે હવે પછીના સો.વિ.ના અંકોમાં પ્રસિધ્ધ લેખો અંગેતમાર અભિપ્રાય (પ્રતિભાવ) જરૂર આપો. અથવા અન્ય કોઈ સમાજને લગતી બાબતોમાં રસ લઈ તમારા લખાણો મોકલો તો એનું સ્વાગત છે.

**- જયેશ શરદચંદ્ર વસા**

## અવસાન નોંધ

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મરણ**

❖ મોટી પાનેલી નિવાસી સ્વ. ચંદુલાલ હરીલાલ મહેતાના ધર્મપત્ની પુષ્પાબેન (હાલ બોરીવલી) ઉ.વ.૮૭, તા.૯-૫-૨૦૨૩ના મુંબઈ મુકામે અરિહંત શરણ પામેલ છે. તે કીર્તિભાઈ, કિરણભાઈ, મીનાબેન, હર્ષાબેનના માતુશ્રી, રીટાબેન, સંગીતાબેન, જિતેન્દ્રભાઈ વોરા, હેમન્તભાઈ વકીલના સાસુ, નીધી, ભૌમિક, ધાર્મિક, અમી, જિગર, ભાવીન, પલ્લવીના દાદી/નાની. લૌકિક વ્યવહાર બંધ છે. સંપર્ક : કિર્તી મહેતા - ૯૩૨૩૬૧૨૯૦૯, કિરન મહેતા - ૯૯૨૦૭૨૮૮૧૩

❖ સરદારગઢ નિવાસી (કુતીયાણા) હાલ - જામનગર સ્વ. પ્રભુદાસ નરશીદાસ પારેખના ધર્મપત્ની પ્રવિણાબેન (ઉ.વ.૭૫) તે સ્વ. ગુલાબચંદ, સ્વ. કાન્તિલાલ, સ્વ. છોટાલાલભાઈ, સ્વ. કનુભાઈ તથા અમીચંદભાઈના ભાઈના પત્ની, વડાલ (સોરઠ) નિવાસી હાલ બોરીવલી સ્વ. પોપટલાલ મોનજીભાઈ મહેતાના દિકરી, જયેન્દ્રભાઈ, સ્વ. કુમુદબેન શાંતિલાલ મહેતા (કલકત્તા), સ્વ. તરૂબેન અમીચંદ પારેખ (જામનગર), સ્વ. હસુબેન પોપટલાલ મહેતા, મધુબેન મહેન્દ્રભાઈ શાહ (બોરીવલી)ના બેન તા.૧૨-૫-૨૩ શુક્રવારના રોજ જામનગર મુકામે અરિહંત શરણ પામેલ છે. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

❖ ગળપ નિવાસી હાલ કાંદિવલી નિર્મળાબેન સોભાગચંદ વોરાના સુપુત્ર અશોકભાઈ વોરા (ઉ.વ.૭૨) તા.૧૧-૫-૨૩ના અરિહંતશરણ પામેલ છે. તે અલકાબેનના પતિ, ચિ.કોમલ (પીન્ટુ), ચિ. હિમાંશુભાઈના પિતા, ચિ. હેતા અને ચિ. જાનવીના સસરા. તે નરેશભાઈ, નવનીતભાઈના મોટાભાઈ, તે લતાબેન, હરીશભાઈ, દિલીપભાઈ ભાયાણીના બનેવી. તે સ્વ. રૂક્ષ્મણીબેન, સાધનાબેન, મીનાબેન, નરેન્દ્રભાઈ જમનાદાસ વસાના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

❖ મોટી પાનેલી નિવાસી હાલ ઘાટકોપર શ્રી પ્રવીણભાઈ મનસુખલાલ શેઠ ઉ.વ.૮૪. આજે સવારે નવકાર મંત્રનું સ્મરણ કરતાં અરિહંત શરણ પામેલ છે. નિવાસસ્થાન કીર્તિ વિહાર, ત્રીજે માળે, એલ.બી.એસ.માર્ગ, રાધા કિશન હોટલની બાજુમાં, ઘાટકોપર પશ્ચિમ, મુંબઈ - ૪૦૦૦૮૬.

❖ મઘરવાડા નિવાસી, હાલ ગોરેગામ વેસ્ટ, શ્રી ચંદ્રકાંતભાઈ મનસુખલાલ વોરા ઉ.વ.૮૭, તે જ્યોતિબેન (મંજુબેન)ના પતિ. શાલિભદ્ર તથા મોના જયેશકુમાર શાહના પિતા. વૈશાલી અને જયેશકુમારના સસરા સ્વ.દિનેશભાઈ, સુરેશભાઈ, નરેન્દ્રભાઈ, અરૂણભાઈ, વસુમતિબેન રમણીકલાલ મહેતા તથા ગીતાબેન જયંતભાઈ શેઠના મોટા ભાઈ. સ્વસુર પક્ષે મોટા ઉજળા નિવાસી સ્વ.રાયચંદ મહેતાના જમાઈ તે નિધિ, પલક, કૃષાના દાદા અને ધ્રુવ, રાધિકાના નાના. તા.૧૮-૫-૨૩ અરિહંત શરણ પામેલ છે. લોકિક વહેવાર બંધ છે. નિવાસ - ૧૫/૭૦૧, પ્રાર્થના બિલ્ડીંગ, એ વિંગ, જવાહર નગર, ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૧૦૪.

❖ વંથલી નિવાસી હાલ બાબુલનાથના સ્વ.ચીમનલાલ લવચંદ વસાનાં પત્ની જ્યોતિબેન (ઉ.વ.૮૪) સોમવાર તા.૨૪-૪-૨૩ અરિહંત શરણ પામ્યા છે. તે સંદીપ, આરતીબેનનાં માતા, જેસિકાબેન, તુષાર જરીવાલાના સાસુ, બિનોય, ખ્યાતિ વિરાજ શાહના દાદી. ઉત્તમચંદ પાનાચંદ દોશીનાં પુત્રી,

❖ શ્રી કાંતિલાલ (કનુભાઈ) સૌભાગ્યચંદભાઈ વસા (ઉ.વ.૮૭) તા.૧૯-૫-૨૦૨૩, શુક્રવારના રાજકોટ મુકામે અરિહંત શરણ પામેલ છે. નિવાસ સ્થાન - ડી ૪૦૨, સિલ્વર હાઈટ્સ, નાના મહુવા, રાજકોટ

# મેઘધનુષ સાંસ્કૃતિક પ્રોગ્રામના યાદગાર સંભારણા.....















Printed & Published by Jayesh S. Vasa on Behalf of Shri Sorath Visashrimali Jain Samaj, Printed at Lucky Printers, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shri Sorath Visashrimali Jain Samaj, Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No.7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Editor : RAJENDRA O. PUNATAR